પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૯/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ ભાદરવા સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૩૫


**સુવિચાર**

પોતાના હાથે જ પોતાનાં કામ કરવાથી અંતરમાં જે શાંતિ વ્યાપે છે એની સામે સ્વર્ગનું સુખ પણ તુચ્છ છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭





## ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં માર્ગદર્શનતળે કેન્દ્રીય મંત્રી રૂપાલા, કૃષિમંત્રી રાઘવજી પટેલ, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયાની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં આવતીકાલે સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજાશે

**ગીર ગાય સંવર્ધન પ્રોજેક્ટ, ઈટીઆઈવીએફ લેબોરેટરી અને વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટનું ભૂમિપૂજન કરાશે**

**જિલ્લા બેન્ક, જિલ્લા સહકારી દૂધ સંઘ, ખરીદ-વેચાણ સંઘ, જિલ્લા સહકારી સંઘની એકીસાથે વાર્ષિક સાધારણ સભા યોજાશે**

**નાયબ દંડક, સાંસદ, જિલ્લાનાં ધારાસભ્યો સહિત સહકારી અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે**

**અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી અને અરૂણ પટેલનાં માર્ગદર્શનતળે તડામાર તૈયારીઓ**










અમરેલી, તા. ૨૨

આગામી તા. ૨૪/૯/૨૩, રવિવારનાં રોજ સવારનાં ૯:૩૦ કલાકે, નવા ડેરી પ્લાન્ટ, ધારી રોડ(અમર ડેરી નવા પ્લાન્ટ) અમરેલી ખાતે જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા મળી રહી છે. જેમાં કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ, શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, નાયબ મુખ્ય દંડક–ગુજરાત રાજય વિધાનસભા(ધારાસભ્ય) કૌશિક વેકરિયા, સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો અને કેન્દ્રીય પશુપાલન સેક્રેટરી શ્રીમતિ અલ્કા ઉપાધ્યાય સહિતનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેનાર છે.

અમરેલી ખાતે વિવિધ ૧૫ જેટલી સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાનાં અનુસંધાન પાના ૬ ઉપર

### બગસરા નજીક આવેલ

# ખારી ગામે ૪ સિંહોનાં ટોળાએ લટાર મારી ગાયનો શિકાર કરી મિજબાની માણી

**ભૂખ્યા સિંહો મારણ માટે ગામમાં ઘુસી આવ્યા હતા**



અમરેલી, તા. ૨૨

જંગલ વિસ્તારમાં સિંહોને પીવાનું પાણી અને ભરપેટ ભોજન ન મળવાનાં કારણે આવા કિંમતી સિંહો માનવ વસ્તી તરફ ફરી રહ્યાં હોય. જયાં દુધાળા પશુ અને માનવ જાત માટે મુશ્કેલીઓ ઉભી કરતાં હોય છે. ત્યારે ગઈકાલે બગસરા પંથકમાં એકી સાથે ૪ થી ૫ જેટલા સિંહોનાં ટોળાએ ગામમાં લટાર મારી અને ગાયનો શિકાર કર્યો હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ બગસરા તાલુકાનાં ખારી ગામે ગઈકાલે મોડી રાત્રીનાં સમયે ૪ થી ૫ જેટલા સિંહનાં ટોળાએ ગામની ગલ્લીઓમાં લટાર મારી શિકારની શોંધ આદરી હતી.

જયારે તે પૈકી એક સિંહે ગાયનો શિકાર કરી મિજબાની માણી હતી. તે ઘટનાનો વિડીયો સોશયલ મીડિયામાં વાયરલ થયો છે.

### પતિએ રૂપિયા ૫૦ હજાર વ્યાજે લીધા હોવાથી

# બાબરાનાં નડાળાનાં મહિલાને પતિની ગેરહાજરીમાં ૭ શખ્સો પરેશાન કરતાં હોવાની પોલીસમાં અરજી

**ફરિયાદી મહિલાએ રૂપિયા ૫૦ હજારનાં ૨ લાખ ચુકવી દીધા છતાં પરેશાની**

અમરેલી, તા. ૨૨

બાબરાનાં નડાળા ગામનાં રેખાબેન કાલકાણીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી આપીને તેણીને જુદા–જુદા ગામનાં ૭ શખ્સો પતિની ગેરહાજરીમાં ઘરે આવીને નાણાની ઉઘરાણી કરીને ખરાબ દ્રષ્ટિ કરતાં હોવાનું જણાવીને ત્રાસમાંથી મુકત કરાવી આપવાની માંગ કરેલ છે.

બાબરા પોલીસમાં દાખલ કરેલી અરજીમાં મહિલાએ જણાવેલ છે કે, બાબરાનાં ઈસાપર, રાણપર, ત્રંબોડાનાં ૭ શખ્સો પાસેથી તેણીનાં પતિએ આરોપી નં. ૧ પાસેથી રૂપિયા ૫૦ હજાર વ્યાજે પૈસા હોસ્પિટલ માટે આજથી ૭ વર્ષ અગાઉ લીધેલા હતા જેનું વ્યાજ અમો ૧૦% લેખે ચુકવતા હતા.

આમ અમો ફરિયાદીએ આજદિન સુધીમાં અત્યાર સુધીમાં કુલ બે લાખ રૂપિયા ચુકવી દીધેલા છે પરંતુ આ કામના આરોપી નં. ૧ થી ૭ અવાર નવાર અમોનાં ઘરે આવી અમો પાસે હજુ રૂા. ચાર લાખની ઉઘરાણી કરે છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં. ૨ તથા ૩ અવારનવાર અમોના પતિની ગેરહાજરીમાં અમારા ઘરે આવતા અને અમો ફરિયાદી પર ખરાબ દ્રષ્ટિ કરતા અને છેડતી કરતા અમો જો પૈસા ના આપીએ તો આ કામના આરોપી અમારી સાથે બદકામ કરવા મજબુર કરતા. જયારે અમો આ કામના આરોપીના વશમાં કે દબાણમાં ના આવતા આરોપી નં. ૩ તથા ૪ અમારા ઘરે આવવા લાગેલા અને જેમફાવે તેમ ગાળો બોલી ધમકી આપવા લાગેલા. અમો ફરિયાદીને જુવાન દીકરી હોય તેનું અપહરણ કરી જવાની ધમકી આપતા હતા.

આમ આ કામના આરોપી નં. ૧ થી ૭ ધ્વારા અમો ફરિયાદીને છેલ્લા ૧ વર્ષથી અનહદ ત્રાસ આપવામાં આવે છે. ગમે ત્યારે રાતનાં સમયે પણ આ કામના આરોપી નં. ૧ થી ૭ અમોના ઘરમાં ઘુસી જાય છે અને સ્ત્રીની ગરીમાને ના શોભે તેવી માંગણી અમો પાસે કરે છે અને જેમ ફાવે તેમ ગાળો આપે છે તથા જો અમો ઘરની બહાર જઈએ તો અમોની પાછળ આવે છે અમો કયાય બહાર પણ જઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### માતાની સારવાર માટે

# ખાંભાનાં યુવકે રૂપિયા ૨૦ હજાર વ્યાજે લીધા, ૨૯ હજાર ચુકવ્યા છતાં માર ખાધો

**નાણા આપનારે ધોલધપાટ કર્યાની નોંધાઈ ફરિયાદ**

અમરેલી, તા. ૨૨

ખાંભાનાં મહાદેવપરામાં રહેતા અને ખેત મજૂરી કામ કરતાં રાહુલભાઈ જગુભાઈ વરીયા નામનાં ૨૪ વર્ષિય યુવકે દોઢેક વર્ષ પહેલા તેમની માતાની સારવાર કરાવવા માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં તેજ ગામે રહેતા મનુભાઈ કાનાભાઈ વાઘોશી નામનાં ઈસમ પાસેથી રૂા. ૨૦ હજાર ૧૫ ટકાનાં વ્યાજે લીધા હતા અને પૈસાની સગવડતા થઈ જતાં અલગ અલગ દિવસે યુવકે રૂા. ૯ હજાર વ્યાજ સાથે રૂા. ૨૯,૦૦૦ વ્યાજખોરને ચુકવી દીધા હતા. છતાં આરોપી મનુભાઈ કાનાભાઈ વાઘોશીએ યુવક પાસેથી પેનલ્ટી પેટે રૂા. ૫૯૩૫૦ની રકમ કઢાવી લીધા પછી પણ વ્યાજનાં રૂા. ૨૫ હજારની કડક ઉઘરાણી કરી રૂબરૂ તથા ફોનમાં ગાળો આપી ધોલધપાટ કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### બાબરા નજીક આવેલ

# કીડી ગામે જુગાર રમતા ૨ પત્તાપ્રેમી ઝડપાયા


**પોલીસે રૂા. ૩૨૭૦ની મત્તા કબ્જે લીધી**

અમરેલી, તા. ૨૨

બાબરા તાલુકાનાં કીડી ગામે રહેતા રાજુભાઈ હકાભાઈ ઝાપડીયા તથા શીરવાણીયા ગામે રહેતા કૌશિકભાઈ ખોડાભાઈ મકવાણા નામનાં બે ઈસમો કીડી ગામે જાહેરમાં લાઈટનાં અજવાળે તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે બાબરા પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૩૨૭૦ની મતા સાથે બન્ને ઈસમોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.







નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

દામનગર - અમરેલી સાવરકુંડલા માટે
છોકરા-છોકરીઓ જોઈએ છે
ગુજરાત ગેસ લીમીટેડ નાં ગેસ પાઈપલાઈનનું ઘરે-ઘરે જઈને માર્કેટીંગ તેમજ બીલીંગ કરી શકે તેવા ઉમેદવારો...
લાયકાત : ૧૦ પાસ
સંપર્ક : ૮૭૫૮૭ ૧૧૨૧૪

## શાંતાબેન મેડિકલ કોલેજની ટીમ મોડી પહોંચતા એક કલાક મોડો કેમ્પ શરૂ થતાં રકતદાતાઓ પરેશાન થયા

# બગસરા ખાતે યોજાયેલ રકતદાન કેમ્પને સફળતા ન મળી

એક લાખ કરતાં વધુ જનસંખ્યા ધરાવતા પંથકમાં પ્રચારનાં અભાવે માત્ર ૭૧ બોટલ રકત એકત્ર થઈ

સરકાર તરફથી વિવિધ કાર્યક્રમોની હારમાળા સર્જાતી હોવાથી સફળતા યોગ્ય રીતે મળતી નથી

કાર્યક્રમોની સંખ્યા કરતાં સફળતાનો વિચાર કરીને આયોજન કરવું જરૂરી

શાંતાબા મેડિકલ કોલેજની ટીમ એક કલાક મોડી પહોંચતા કાર્યક્રમમાં સફળતા ન મળી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૨

બગસરામાં આયુષ્માન ભવઃ અંતર્ગત સામુહિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ખાલી દીપ પ્રાગટય થયું. બ્લડ ડોનેટ કેમ્પ એક કલાક પછી ચાલુ કર્યો અને પરિણામે સફળતા મળી ન હતી માત્ર ૭૧ બોટલ રકત એકત્ર થયું

આજ રોજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ડી.બી. બલદાણીયા તથા અધિક્ષક બ્લડ ડોનેટ કરવાવાળા લોકોને બ્લડ ડોનેટ કરવા માટે કલાક સુધી રાહ જોવી પડી. શાંતાબા મેડિકલ કોલેજ સિવિલ હોસ્પિટલ દ્વારા બ્લડ કેમ્પનું સંચાલન કરવાનું હોય તે લોકો એક કલાક મોડા પડતા બ્લડ ડોનેટ કરવાવાળા અમુક લોકો રાહ જોઈને જતા રહ્યા હતા. નરેન્દ્ર મોદી સરકાર લોકો માટે અને લોકોના આરોગ્ય માટે સમગ્ર ભારતમાં બ્લડ ડોનેટ કેમ્પ થાય અને લોકોને કઈ રીતે ઉપયોગ આવે તે માટે કેટલો ખર્ચો કરે છે. ત્યારે અહીંની સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેની કોઈ કદર નથી અને એ લોકોને બ્લડ ડોનેટ કરવું છે તેને કલાકો સુધી રાહ જોવી પડે આ તે કેવો ન્યાય અને ડેપ્યુટી કલેકટરની હાજરીમાં અને ધારાસભ્ય જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં આવું બને તે બહુ શરમજનક વાત કહેવાય.

આ બાબતે ઉચ્ચકક્ષાએ પગલાં લેવા જરૂરી છે નહિતર આ કેમ્પનો કોઈ મિનિંગ રહેશે નહીં. જોકે જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત પણ આ બાબતે રજૂઆત કરવામાં આવશે તેવું મીડિયા સમક્ષ તે વ્યકિતએ જણાવ્યું છે. રકતદાન કેમ્પનું આયોજન થયેલ તેમા માત્ર સમગ્ર તાલુકામાંથી કુલ ૭૧ બ્લડ યુનિટ બ્લડ કલેકટ કરવામાં આવેલ. તેમા સામુહિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફ તથા તાલુકા હેલ્થ ઓફિસ તાબા હેઠળ આવતા તમામ સ્ટાફે બહોળા પ્રમાણ ભાગ લીધેલ છતાં આ કેમ્પ ફલોપ ગયો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં બગસરાના જુદા જુદા ગામડાઓ આ કેમ્પની પૂરી જાહેરાત થયેલ ન હોવાથી અને શાંતાબા મેડિકલ કોલેજ સિવિલ હોસ્પિટલ દ્વારા બેદરકારી દાખલ કરવામાં આવેલ જેથી જેને બ્લડ ડોનેટ કરવું હતું તે અમુક લોકો રાહ જોઈને જતા રહ્યા હતા. બગસરા તાલુકાની સવા લાખ પબ્લિકમાં માત્ર ૭૧ બોટલ બ્લડ થાય તો શરમજનક વાત કહેવાય તેમ જાગૃત નાગરિકોએ રોષ વ્યકત કર્યો છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, તાલુકા પંચાયત, નગરપાલિકા પ્રમુખ, જિલ્લા સદસ્ય પ્રતિનિધિ, સમસ્ત પદાધિકારી તથા અધિકારી ગણ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં શહેરી વિસ્તારની આશા બહેનોએ પણ રકતદાન કરેલ જેની નોંધ લેવામાં આવેલ.

## ઉના–ખાપટ ગામનાં મુખ્ય રોડ પર બાઈક આગળ રોઝડું આવ્યું : ચાલક અને રોઝડાને ગંભીર ઈજાઓ

ઉના, તા. ૨૨

ઉના–ખાપટ રોડ ઉપર બાઈકની આગળ રોઝડું આવી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકમાં સવાર વ્યકિતને ઈજા થઈ હતી અને રોઝડાનાં બન્ને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી.



આ અકસ્માતની મળેલ વિગતો મુજબ સાંજના પાંચેક વાગ્યાનાં સુમારે ઉનાથી ખાપટ ગામ તરફનાં મુખ્ય માર્ગ પર આવેલ જીનીંગ મિલ પાસેના ભાગે બાઈકની આડે કુદીને વન્ય પ્રાણી રોઝડુ આવી ચડયું હતું. જના લીધે બાઈક ચાલક અને રોઝડા વચ્ચે જોરદાર ટકકર થતાં બાઈક ચાલકને ઈજાઓ થઈ હતી અને બાઈકમાં નુકસાન થયું હતું તેમજ રોઝડાનાં બન્ને પગોમાં ગંભીર ઈજાઓ થતાં વન વિભાગને જાણ કરાતા તાત્કાલિક દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત રોઝડાને જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયું હતું.

## લીલીયામોટા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્ત્રી રોગ નિદાન તપાસ કેમ્પ યોજાયો





લીલીયા મોટા, તા. ૨૨

લીલીયા મોટાની સિવિલ હોસ્પિટલ ખાતે સરકારના આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર લીલીયાના સંયુક્ત ઉપક્રમે સી.એચ.સી.સરકારી હોસ્પિટલ મોટા લીલીયા ખાતે સગર્ભા બહેનોની તપાસ તથા સ્ત્રી રોગના દર્દીની તપાસ માટે મેડિકલ કમ્પ યોજાયો.

આ કેમ્પમાં રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ અમરેલીના સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.કેવલ પંડયા તથા તેમની ટીમ દ્વારા લીલીયા તાલુકાની સગર્ભા બહેનોની તપાસ કરવામા આવી. સી.એચ.સી.ના લેબોરેટરી ટેકનીશીયન પરેશભાઈ તથા રિધ્ધીબેન દ્વારા લાભાર્થીની લેબોરેટરી તપાસ કરવામાં આવી. ખીલખીલાટ દ્વારા તમામ લાભાર્થીને ઘરેથી હોસ્પિટલ તથા ઘરે પરત મફત લાવવા મુકવાની વ્યવસ્થા પુરી પાડેલ.

સમગ્ર કેમ્પને સફળ બનાવવા અધિક્ષક ડો.એ.આર.પ્રકાશ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ. સિધ્ધપુરા, ડો.હિરેનભાઈ ચત્રોલા, તાલુકા સુપરવાઈઝર મનસુખભાઈ માધડ, ફાર્માસીસ્ટ મિલનભાઈ, અમિતભાઈ, સામુહિક આરોગ્ય કેન્દ્ર સ્ટાફ, આશા બહેનો, પ્રા. આ. કેન્દ્ર સ્ટાફ વિગેરેએ ભારે જહેમત ઉઠાવી તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## કોર્ટનાં મીડીએશન સેન્ટરની કુનેહથી પતિ–પત્નીનાં કોર્ટ કેસમાં સુખદ સમાધાન

અમરેલી તા. ૨૨,

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી ખાતે કાર્યરત મીડીએશન સેન્ટર ખાતે પતિ–પત્નીનાં કોર્ટ કેસમાં મીડીયેટરનાં કુનેહપૂર્વકનાં પ્રયત્નોથી સુખદ સમાધાન આવ્યું છે અને પતિ–પત્નીએ કેસ પરત ખેંચવાનો નિર્ણય કર્યો છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી ખાતે મીડીએશન સેન્ટર કાર્યરત છે, જેમાં સમગ્ર જિલ્લાની તમામ તાલુકા કોર્ટમાં ચાલતા દિવાની–ફોજદારી તેમજ પતિ–પત્નિનાં કેસને સમાધાન અર્થે મોકલવામાં આવે છે. મીડીએશન સેન્ટરમાં નિમણૂંક પામેલાં તાલીમબધ્ધ મીડીયેટર વકીલો બંને પક્ષકારોને વિવિધ રીતે સમજાવે છે તથા બાંધછોડ કરી કોર્ટ કેસમાંથી છૂટકારો મેળવવાનો રસ્તો બતાવે છે.

સમાધાનની આ જ શૃંખલામાં ફેમિલી કોર્ટમાં દાખલ થયેલા એક પતિ–પત્નીનાં ભરણપોષણનાં કેસમાં ફેમિલી કોર્ટને સમાધાનની શકયતા જણાતાં તેઓએ ઉકત કેસ અમરેલી મીડીએશન સેન્ટર ખાતે મોકલી આપ્યો હતો. જે કેસની વિગત મુજબ અરજદારનાં સામેના પક્ષ સાથે એક વર્ષ પહેલાં લગ્ન થયા હતા. લગ્નના થોડા સમય બાદ નાની નાની બાબતે મનદુઃખ તથા કજિયા કંકાસ થતાં અરજદાર પોતાના પિયર આવી ગયા હતા. બાદમાં સમાજનાં વડીલોએ સમાધાન કરાવવાં પ્રયત્નો કર્યા. પરંતુ તે પ્રયત્નો સફળ થયા નહોતા. બાદમાં અરજદારે ન્યાય મેળવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. જે કેસની વિગતો પરથી અને પક્ષકારોનાં લગ્નજીવનનો સમયગાળો, પક્ષકારોની ઉંમર વગેરે ધ્યાને લેતાં કોર્ટને કેસની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં પક્ષકારોને યોગ્ય રીતે અને તાલીમ પામેલા મીડીયેટર દ્વારા જો સમજાવટ કરવાનાં પ્રયાસો કરવામાં આવે તો પતિ પત્ની વચ્ચે સમાધાન થવાની ઉજળી શકયતાઓ જણાઈ હતી.

આથી કોર્ટે આ કેસ મીડીએશન સેન્ટર, અમરેલી ખાતે મોકલી આપ્યો હતો. બાદમાં અમરેલી મીડીએશન સેન્ટર દ્વારા આ કેસની કામગીરી એડવોકેટ અને મીડીયેટર એચ. એચ. સેજુને સોંપવામાં આવી હતી. સેજુએ બંને પક્ષકારો તથા તેનાં કુટુંબીજનોને બોલાવી જુદી જુદી બેઠક કરી હતી. બંને પક્ષકારોને વિગતે સાંભળ્યા અને બંને વચ્ચેનાં અણબનાવનું મૂળ કારણ શોધી કાઢયું. ત્યારબાદ બે મુદ્દત સુધી પક્ષકારોને સુખી જીવન જીવવાનાં વિવિધ પાસાઓ અંગે સમજણ આપી કેસ પૂરો કરી સાથે રહેવા માટે રાજી કરવામાં સફળ રહ્યા હતાં. આ રીતે ફેમિલી કોર્ટ, મીડીએશન સેન્ટર તથા મીડીયેટરનાં સંયુકત પ્રયાસોથી વધુ એક કેસનું સુખદ સમાધાન નીવડયું હતું, તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું છે.

### રાજયકક્ષાની કુસ્તી સ્પર્ધામાં

## અમરેલીની એસ.એચ. ગજેરા સ્કુલનાં પહેલવાનોને મેડલ એનાયત

### મેનેજમેન્ટ દ્વારા શુભકામનાં પાઠવાઈ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત આયોજીત શાળાકીય યુ–૧૪ અને યુ–૧૭ કુસ્તી સ્પર્ધામાં સીલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. જેમાં (૧) દેવાણી રૂતિક ધોરણ–૧૧ કોમર્સમાં યુ–૧૭ ૫૫ કેજી ગૃપમાં સીલ્વર મેડલ (૨) દુધાત ધર્મ ધોરણ–ઈ–૯ માં યુ–૧૪, ૬૮ કેજી ગૃપમાં બ્રોન્ઝ મેડલ મેળવી સ્કુલ તથા અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. આ વિદ્યાર્થીઓને સંસ્થા મેનેજમેન્ટ વતી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. તેમ વિદ્યાસભા સ્પોર્ટસ વિભાગની યાદી જણાવે છે.



# બાબરા ખાતે પાલિકાની નવનિર્મિત બિલ્ડીંગનું ભૂમિપૂજન થયું


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં કે.પી. આશરા ગર્લ્સ સ્કૂલ પાસે નગરપાલિકાની જમીનમાં રૂપિયા બે કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓ સજજ નગરપાલિકાની કચેરી બનશે જેનું ખાતમુર્હુત ધારાસભ્યની ઉપસ્થિતિમાં પાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા તેમજ તાજેતરમાં નવ નિયુકત પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ પિન્ટુભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, અજિતભાઈખોખરીયા, ચિફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલા સહિત નગરપાલિકાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. બાબરામાં વર્ષોથી નગરપાલિકાનું બિલ્ડીંગ ગ્રામ પંચાયત કચેરી વખતનું છે જે ખુબ જ નાનું અને જર્જરિત હાલતમાં હોવાથી શહેરમાં એક નવી કચેરી પાલિકાની જરૂર હોવાથી પાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા અને કારોબારી સમિતિમાં ચેરમેન ભુપતભાઈ બસિયા દ્વારા સ્થાનિક ધારાસભ્ય અને રાજય સરકારમાં રજુઆત કરવામાં આવતા રાજય સરકાર દ્વારા બાબરામાં પાલિકા કચેરી નવી બનાવવા માટે રૂપિયા બે કરોડની ફાળવણી કરવામાં આવતા શહેરના લોકો તેમજ સ્થાનિક અગ્રણીઓમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. પાલિકા ચીફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, અંદાજે શહેરમાં રૂપિયા બે કરોડના ખર્ચે પાલિકાની કચેરી બનશે જે ખુબજ આધુનિક સુવિધા સજજ હશે. રાજય સરકારની પોલિસી પ્રમાણે નવી કચેરી જે રીતે બને છે તેમ બનશે હાલ બે પ્રકારની ડિઝાઈન આવેલ છે જે સરકારમાં આવેલ જે એપ્રુવ થઈ આવે તે બનશે. બને ડિઝાઈન સારી છે જેમાં પાલિકામાં આવેલ બાંધકામ, વેરા શાખા, વોટર વિભાગ, લાઈટ વિભાગ સહિતની અલગ અલગ શાખાઓ વ્યવસ્થા હશે તેમજ પ્રમુખ ઉપ પ્રમુખ અને ચીફ ઓફિસર માટે અલગ કચેરી તેમજ અરજદાર માટે વેઈટીંગ એરિયામાં સારી બેઠક વ્યવસ્થા, પીવાના પાણી તેમજ સેનિટેશનની વ્યવસ્થા સહિત પાર્કિંગ તેમજ વિકલાંગો અને સિનિયર સીટીઝન માટે પણ ઉત્તમ સુવિધા ઉપલબ્ધ હશે.

## ૧૦ લાખની આવક મર્યાદામાં તો દેશનાં ૯૯ ટકા નાગરિક આવી જતા હોવાથી

# આયુષ્યમાન કાર્ડ આપવાને બદલે સરકાર દવાખાનાને આધુનિક બનાવે

**જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયા ખાનગી દવાખાનાને આપવા કરતાં સરકારી દવાખાનામાં જ સુવિધા ઉભી કરવી જરૂરી**

**વિશ્વનાં અનેક દેશમાં તેમનાં નાગરિકોને સરકાર તરફથી મફતમાં સારવાર મળી રહી છે**

**આયુષ્યમાન કાર્ડ પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો થતો ખર્ચ પણ બચાવી શકાય તેમ છે**

**જાગૃત નાગરિક ભરતભાઈ કાતરીયાએ પીએમઓને વ્યાજબી સુચન કર્યુ**

અમરેલી, તા. ૨૨

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલ યોજના જેનું નામ છે માં અમૃત્તમ કાર્ડ યોજના. આ યોજનામાં પહેલા ૫ લાખની સહાય હતી તે સહાય વધારીને રૂપિયા ૧૦ લાખ કરી નાખવામાં આવી છે સારી વાત કહેવાય. આપણા દેશની વસ્તી લગભગ ૧૩૫ કરોડની છે જેમાંથી ૩૫ કરોડ લોકો પાસે લગભગ અમૃત્તમ કાર્ડ હોય શકે અને આ રકમનો ગુણાકાર કરવામાં આવે તો આંકડો વાંચવો પણ મુશ્કેલ બની જતો હોય છે. આ રકમો જે પ્રાઈવેટ હોસ્પિટલને આપવામાં આવે છે તે રકમ સરકારી હોસ્પિટલો પાછળ વાપરવામાં આવે તો સરકારી હોસ્પિટલો આધુનિક બની જાય અને ગરીબ, મધ્યમવર્ગનાં લોકોને સારામાં સારી સગવડ મળી શકે તેમ છે અને લોકોને પ્રાઈવેટ હોસ્ટિપલમાં પણ જવાની જરૂર ના પડે.

ગુજરાતનાં દરેક જિલ્લામાં સરકારી હોસ્પિટલો આવેલી છે. આખા ગુજરાતમાં લગભગ ઓછામાં ઓછા ૫૦ લાખથી વધારે લોકો પાસે આ કાર્ડ હશે અને પ્રાઈવેટ હોસ્પિટલમાં જઈને લોકો ૧૦ લાખની સહાય મેળવી અને આ પ્રાઈવેટ હોસ્પિટલનાં હાથ મજબુત કરવાને બદલે આ એક દર્દીને ૧૦ લાખ જેવી સહાય મળતી હોય છે અને લોભ લાલચમાં તે પ્રાઈવેટમાં પોતાના પરિવારનો ઈલાજ કરાવવા જાય છે. જો આજ આધુનિક સુવિધા સરકારી હોસ્પિટલોમાં આપવામાં આવે તો સરકારી હોસ્પિટલને મોટામાં મોટો ફાયદો થશે જેથી સારા સરકારી ડોકટરો પણ ઉપલબ્ધ થશે. સરકારી હોસ્પિટલોમાં સારી તક ઉભી થવાના કારણો ખાલી પડેલી જગ્યા ભરી શકાય જેથી પ્રાઈવેટમાં સ્વીપરથી માંડીને એમબીબીએસ કક્ષાના સ્ટાફને પણ શોષણ થતું અટકાવી શકાય તેમ છે.બાકી તો આમને આમ ચાલતું રહ્યું તો પ્રાઈવેટ હોસ્પિટલની હાલત અને સરકારી હોસ્પિટલોની દશા કેવી છે તેનાથી કોઈ અજાણ હોય તેવું લાગતું નથી. જો કેન્દ્ર સરકાર ધ્વારા ૧૦ લાખના સહાય બાબતે વિચાર કરી સુવિધા સરકારી હોસ્પિટલમાં આપવામાં આવે તો સરકારને કરોડો રૂપિયા બચી શકે તેમ છે અને લોકોને સરકારી હોસ્પિટલોમાં સારી સુવિધા પ્રદાન થશે તેમ જાગૃત નાગરિક ભરત કાતરીયાએ જણાવેલ છે.

### અમરેલી જિલ્લા બહુજન આર્મીનો આક્ષેપ

## દેશની ઓબીસી મહિલાઓને ઓબીસી પ્રધાનમંત્રીએ લોલીપોપ આપી : રાણવા

**નારી વંદન વિધેયકમાં નારીઓને ન્યાય ન મળ્યો**

અમરેલી, તા. ૨૨

હાલની ભાજપ સરકારે હડબડીમાં ૨૦૧૪ની ચૂંટણીઓ જીતવાની લાલસામાં મહિલા અનામત બીલ લાવીને ઓબીસી તથા લઘુમતિ સમાજની બહેનો માટેની ધૃણા ખુલ્લી કરી છે. મણીપુરમાં મહિલાઓની નગ્નપરેડ કરવામાં આવે, તેમના શિયળ અને જાનની કોઈ જ સલામતી માટે પગલા લેવામાં ના આવે, એક હરફ પણ ઉચ્ચારવામાં ના આવે અને નારી વંદન નામ રાખીને દેશની મહિલાઓની આંખોમાં ધુળ નાખવાનું કામ સરકારે કર્યુ છે. આ વિધેયકમાં ઓબીસી મહિલાઓ તથા લઘુમતિ મહિલાઓને કોઈ જ પ્રતિનિધિત્વ આપવાની વાત નથી. એમ કરીને દેશની ૬૦% મહિલાઓને અન્યાય કર્યો છે. આ બીલને જિલ્લા બહુજન આર્મીનાં પ્રમુખ અને જિલ્લા કોંગી દલિત અગ્રણી શાંતિલાલ રાણવાએ સખત શબ્દોમાં વખોડી કાઢેલ છે.

આ બીલમાં ઓબીસી માટે ૫૨%, એસ.સી. માટે ૧૩%, એસ.ટી. માટે ૧૫%, લઘુમતિ માટે ૫% અને સવર્ણો માટે ૧૫% અનામતની જોગવાઈ કરવી જોઈએ.

આ નવી અનામત નીતિ મુજબ જ શૈક્ષણિક ક્ષેત્રે, નોકરીના ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, ખાનગી ઉદ્યોગ ગૃહોમાં નોકરી, સહકારી ક્ષેત્રમાં નોકરીમાં આ નીતિ લાગુ કરવી જરૂર છે તો જ દેશમાં આર્થિક, સામાજિક, સહકારી ક્ષેત્રે સમાનતાની તક મળે અને તો જ દેશનો સાચો વિકાસ થાય બાકી તો આ સરકાર સંવિધાન બદલાવીને મનુસ્મૃતિ દાખલ કરવાની વાતો કરતાં તેમના ષડયંત્રો હવે લોકો જાણી ગયા છે.

દેશમાં મોંઘવારી, બેરોજગારી, કાયદો વ્યવસ્થાની સ્થિતિ, પ્રદેશોમાં સરકાર, ભાજપ અને સંઘ પરિવાર ધ્વારા ફેલાવાતો જાતિવાદ, ધર્મવાદથી દેશની શાંતિ જોખમાય છે. તેવા સંજોગોમાં દેશની જનતાએ સરકારના બદ ઈરાદાઓને પુરી રીતે સમજીને રાહુલ ગાંધીજીની ''નફરત કી બજાર મેં મહોબ્બત કી દુકાન ખોલો'' અને દેશની એકતા અને અખંડિતતા માટે ''હાથ સે હાથ જોડો'' અભિયાનને દેશવાસી સફળ બનાવે તેવી હાકલ કરેલ છે.

મહિલા અનામત બીલમાં ઉપરની જોગવાઈઓ કરીને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં જ અમલ કરે તેવી પણ માંગણી કરેલ છે. દેશનાં ઓબીસી સમાજનાં લોકોએ હવે જાગૃત થવાની જરૂર છે. તેથી દેશની ૮૫% વસ્તી બહુજન સમાજ એક થઈ પોતાના હકક–હિતો માટે આગળ આવે તેવું આહવાન પણ અંતમાં કરેલ છે.

## બાબરા : નિલવડા ગામનાં તલાટી મંત્રીની જિલ્લાફેર બદલી






બાબરા, તા. ૨૨

બાબરા તાલુકાના નિલવડા ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા ઈન્દ્રવદન પરમારની નિલવડા ગામેથી જિલ્લાફેર બદલી થતા વિદાય સમારંભ નિલવડા ગ્રામ પંચાયતમાં રાખવામાં આવેલ હતું.

જેમા તાલુકા પંચાયત પૂર્વ ઉપ પ્રમુખ દિલીપભાઈ ખાચર, સરપંચ વલ્લભભાઈ, ઉમેદભાઈ ખાચર, દેવરાજ ભાઈ ખાવડીયા તેમજ આખી ગ્રામ પંચાયતના સભ્યો અને ગામના આગેવાનો હાજર રહી વિદાય આપેલ તેમજ નવા તલાટી તરીકે મિલન ત્રિવેદીને આવકારેલ.

## બગસરા ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો





ચાવંડ, તા. ૨૨

ચાવંડ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને આયુષ્માન ભવઃ અંતર્ગત સામુહિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો.

આજ રોજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડી.બી. બલદાણીયા તથા અધિક્ષક ડો. એ.એચ. ઠુંમ્મરના સંયુકત પ્રયાસથી રકતદાન કેમ્પનું આયોજન થયેલ. તેમા કુલ ૭૧ બ્લડ યુનિટ બ્લડ કલેકટ કરવામાં આવેલ. તેમા સામુહિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફ તથા તાલુકા હેલ્થ ઓફિસ તાબા હેઠળ આવતા તમામ સ્ટાફે બહોળા પ્રમાણ ભાગ લીધેલ. આ બ્લડ ડોનેશન કેમ્પમાં જુદા જુદા ગામડાઓમાંથી રકતદાતાઓએ રકદાન કરેલ. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, જિલ્લા સદસ્ય પ્રતિનિધિ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવેલ. બગસરા શહેરી વિસ્તારની આશા બહેનોએ પણ રકતદાન કરેલ જેની નોંધ લેવામાં આવેલ. તેમના સગાઓએ પણ રકતદાન કરેલ જે ખુબ પ્રશંસનીય છે તેવું બગસરા તાલુકા હેલ્થ ઓફિસર ડો. બલદાણીયાની યાદીમાં જણાવેલ.


મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલકની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની તપાસ
☛ વડીલો માટે કાનના આધુનિક મશીનમાં વિશેષ છૂટ
☛ કોકલીયર ઈમ્પ્લાન્ટ : ઓપરેશન વિશે સંપૂર્ણ માર્ગદર્શન, મેપિંગ, સ્પીચ થેરાપી તથા મશીન રીપેરીંગની સુવિધા
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય







અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮






* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪












ગિરિમા ધારેખાન

# વાર્તા–વૈભવ

## ત્રણ પિયર !

**– ગિરિમા ધારેખાન**

(ગયા અંકનું ચાલુ)

વાતાવરણ એકદમ શાંત હતું અને મારૂ મન સ્તબ્ધ. 'સાવકી માં' અને 'સાવકો બાપ'' શબ્દને આપણા સમાજે એટલા ભયંકર બનાવી દીધા છે કે કઈ સાવકાં મા–બાપ આટલો પ્રેમ વરસાવી શકે એ તો માલવને મેઘા સાથે કે તોરલને તુષાર સાથે લાડ કરતાં જોઈએ ત્યારે જ સમજાય. એ દિવસથી મેઘા અને તુષાર માટેનો મારો આદર ખુબ જ વધી ગયો. મને લાગતું કે નિઃસ્વાર્થ પ્રેમનું એ બંને સાક્ષાત ઉદાહરણ છે.ા કોઈને માટે કયારેક થોડું પણ કરે તોય લોકો છલકાઈ – છકાઈને અધૂરો ઘડો થઈ જતા હોય છે.જયારે સાવકાં સંતાનો ઉપર હથેળ ીની છાયા કરતા આ મા–બાપ દુનિયાને એની જાણ થવાં દેતાં નહોતા. મેઘા અને મારી વચ્ચેનો પ્રેમનો સેતુ આ વિગત – વાત પછી વિશેષ મજબૂત થતો ગયો. સમાજને લગતાં સઘળાં કામની મારી ઘણી જવાબદારી એણે ઉપાડી લીધી હતી. ડિસેમ્બરનાં સ્કુલ વેકેશનમાં એક એક મહિનો માલવની જનોઈ માટે રાજકોટ ગઈ ત્યારે મારો તો જાણે જમણો હાથ જ કપાઈ ગયો. એણે વેકેશનમાંથી પાછા આવીને મને ફોન કર્યો ત્યારે મને હાશ થઈ. મારે તો કેટલી બધી વાતો અને કેટલાં બધાં કામ ભેગાં થયાં હતાં ! જોકે લાગતું હતું કે એને તો પાછા આવવાનું જરાયે ગમ્યુ ન હતું, કારણ કે એને તો એક મહિનાનું વેકેશન કેટલું નાનું પડે છે. અને કોઈની સાથે મન ભરીને રહેવાયું નથી એવું જ ગાણું ગાયે રાખ્યું. પછી જાન્યુઆરી મહિનામાં તો ત્રણ–ચાર ઓણમની પાર્ટીઓમાં મેઘાને ઉપરા ઉપરી મળવાનું થયું. દર વખતે મેઘા નવી – નવી સાડીઓમાં દેખાતી. છેવટે એક દિવસ મેં એને પુછી નાખ્યું, ''શું મેઘા. આ વખતે રાજકોટથી ઘણી બધી ભારે સાડીઓ ખરીદીને લઈ આવી છે ?'' ''ના દીદી, આ બધી તો માલવની જનોઈમાં મોસાળામાં આવેલી સાડીઓ છે,' મેઘાએ સાડીનાં પાલવ ઉપર હાથ ફેરવતાં કહયું, 'પણ આટલી બધી ?'કેમ દીદી, મારે તો ત્રણ પિયર નહી ? એટલે ત્રણેય ઝાકળ મલકાય એમ મલકાતાં મેઘા બોલી. હું થોડી વાર તો પહોળી આંખે મેઘાની સામે જોઈ રહી. મને કંઈ જ સમજાયું નહી. છેવટે મોટા આશ્વર્યચિન્હને પહેરીને મારા શબ્દો મોંમાંથી નીકળ્યા : ''ત્રણ પિયર ? એ કેવી રીતે ? આવું તો કોઈ દિવસ સાંભળ્યું નથી. ''દીદી, મેઘા જાણે નાના બાળકને સમજાવતી હોય એમ બોલી, ''મારા મમ્મી – પપ્પાનું ઘર મારૂં પિયર ખરૂં કે નહી ?'' હા, પણ... એમણે માલવનું મોસાળું ....!?'

'તે મારા દીકરાની જનોઈ માટે એના નાના–નાની મોસાળુ તો કરે જ ને ? મેઘાના મમ્મી – પપ્પા એના પતિનાં પહેલા લગ્નનો છોકરા માટે મોસાળુ કરે ?'' મને નવાઈા તો ઘણી લાગી, પણ એને બાજુમાં ાહડસેલી મે પુછયું, 'ઓ. કે. પણ બીજુ પિયર ?'

''અરે મારાં દીદી, હેમાદીદીની જગ્યા મેં લીધી એટલે હું એમનાં મમ્મી – પપ્પાની દીકરી થઈ કે નહી ? રાજકોટ જઈએ ત્યારે અમારા વેકેશનનો ચોથો ભાગ એમનાં ખાતામાંા નાખી દેવાનો. એમણે તો અત્યારથી તોરલનાં લગ્નનાં મોસાળા માટે સોનું ભેગું કરવા માંડયુ છે, તો પછી માલવ તો એમના, બધાનાં શબ્દોમાં કહયું તો 'સગો દોહિત્ર' એટલે ત્યાંથી પણ મોસાળું તો ચડે જ ને ? તમને ખબર છે દીદી, બે–ચાર દિવસે મારો ફોન ન જાય તો એ લોકો તો ઉચાનીચા થઈ જાય. આવતા મહિને એ લોકો અહીં મહિનો રહેવા આવવાનાં છે, ત્યારે હું તમને એ લોકો સાથે મેળવીશ. તમને પછી એમને વારંવાર મળવાનું મન ન થાય તો મને કહેજો.''

મને ખબર પડી કોણ વધારે વંદનીય કહેવા– પતિની પહેલી પત્નીનાં મા–બાપને એવું જ સન્માન આપનાર મેઘા કે મૃત પૃત્રીનું સ્થાન લેનાર સ્ત્રી એની પુત્રીને પણ અનરાધાર પ્રેમ આપનાર એ વૃદ્ધ દાંપતી ? પણ સહુથી મોટું આશ્વર્ય તો હવે આવવાનું હતું જયારે મેઘાને મેં પુછયું, અને ત્રીજુ પિયર ? અને પછી હસતાં હસતાં ઉમેર્યું. 'તારાં સાસુ–સસરા ખુબ સારાં હશે એટલે એ ઘરને પણ પિયર જ ગણતી હોઈશ ને ? મારી મજાકને સમજીને મેઘા પણ એવું જ હસી, પછી મારો હાથ પકડીને બોલી, 'સાસુ–સસરા તો ખુબ સારાં છે, પણ દીદી, તમે ભુલી ગયાં ? મને તુષાર સાથેનાં લગ્ન વખતે કન્યાદાન કોણે આપ્યું હતું ? 'પણ એ તો મીનેષના મમ્મી – પપ્પા– તારાં સાસુ – સસરાં !' હા, પણ મીનેષ ગયો એ દિવસથી તો એમણે મને દીકરી જ માની છે ને ? એટલે એ ઘર પણ મારૂ પિયર જ છે. અમે રાજકોટ જઈએ ત્યારે ખાલી હું અને માલવ – તોરલ નહી.

તુષારે પણ ત્યાં રહેવા આવવાનું જ. એટલે માલવનું મોસાળું એમણે પણ કર્યુ.''મેઘાએ પોરસાતાં પોરસાતાં કહયું. 'પણ માલવ તો તુષારનો...'' અરે દીદી, હજુ તમે મારા એ નંદ – યશોદાને ઓળખાતા નથી. અમારી વેડિંગ એનિવર્સરી ઉપર અહી આવે ત્યારે મળી લેજો. મને બીજો જન્મ તો એમણે જ આપ્યો ને ? બાકી મીનેષનાં ગયા પછી હું તો માત્ર શ્વાસ લેતી હતી. જીવતી કયાં હતી ?''

આંખોમાં આસું હોય ત્યારે પણ મેઘા એટલું જ મીઠું ખંજની સ્મિત આપી શકતી. આશ્વર્ય અને અહોભાવનાં મિશ્રિત ભાવો મારા ચહેરા ઉપર લીંપાઈ ગયા. મારી આંખોનાં નેવામાંથી વહાલ ટપકયું. આ છોકરીને, એનાં વરને, એના કુંટુંબને શું કહેવું ? પ્રેમનું મેઘધનુષ ? જયારે સહોદર ભાડુઓ વચ્ચે પણ સંપ નથી હોતા, ઈર્ષા, અદેખાઈ, અહમ અને કાવાદાવામાં, વાડકી – વાડકાનાં ભાગલામાં જયાં ધરો તુટે ાછો અને સામસામી ઈંટો ફેંકાય છે, એ સંસારમાં એક આવો સંસાર પણ વશે છે ! અમુક નકકામી, સામાજિક ઘરેડનો ભોગ હું ન બની હોત તો મેં ત્યારે મેઘાને સાક્ષાત દંડવત પ્રણામ કર્યા હોત. મે સહેજે ઉચા થઈને એનું કપાળ ચુમ્યું. પછી એના બે હાથ મારા હાથમાં પકડીને હું અબોલ ઉભી રહી.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલીનું યાદગાર સંભારણું

(ગયા અંકનું ચાલુ)

ગાયકો દ્વારા કવિશ્રીની રચનાઓનું ગાન.

મુંબઈથી આવેલી સુપ્રસિધ્ધ ગાયબ બેલડી પુરૂષોત્તમ ઉપાધ્યાય અને હંસાબહેન દવે, સાથે પંડિત રવિશંકરના શિષ્ય અને દૂરદર્શક ધારાવાહિક 'ચાણયક'ના સંગીતકાર શ્રી આસિત દેસાઇ તથા અમરેલીને વારંવાર સંભળ વા ગામે છે તેવા શ્રી હરિશ્ચંદ્ર જોશી, ઉપસ્થિત હતા.

શ્રી હરિશ્ચંદ્ર જોશીએ પોતાના ઘરઘેઘૂર અવાજમાં પ્રથમ ગીત રેલાવ્યું.

'મારા છ અક્ષરના નામ પછી હું ભૂલો પડયો હોજી....', અમરેલીની પ્રથમ વખત જ મુલાકાત લેતા શ્રી આસિત દેસાઈએ આવતાંવેંત જ શ્રોતાઓને તેમના કંઠથી મંત્રમુગ્ધ કરી દીધા. 'તારી ચૂંટી ખણીને જગાડવાની ટેવ' અને 'હાથને ચીરો તો ગંગા નીકળે' સાંભળીને શ્રોતાઓ વાહ વાહ કરી ઉઠયા.

શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયે બુલંદ અવાજમાં 'તમે આવા તો વાત કહું શ્યામ' અને 'ડેલીએથી પાછાં વળજો હો શ્યામ' ગીતો રજુ કર્યા ત્યારે શ્રોતાઓ સંગીતમાં રસતરબોળ



'છ અક્ષરનું નામ'ની શોભાયાત્રા

થઈ ગયા. શ્રી હંસાબહેન દવેએ 'કાગળ હરિ લખે તો બને' અને 'ફાગણની ઝાળઝાળ સુકકી વેળ ામાં...' ગીતો દ્વારા પોતાના કામણગારાં કંઠને પરિચય કરાવ્યો.

મુંબઈના શ્રી ધીરૂ પ્રજાપતિ, ભાવનગરના શ્રી અંબરિષ મહેતા (તબલા), શ્રી હપ્પુખાન (વાયોલીન) અને શ્રી સંજીવ ધારૈયા અને શ્રી અનિલ ઠાકર

## ભાતીગળ સૌરાષ્ટ્ર

કલાકારોની વિનંતીથી ખુદ કવિશ્રીએ પોતાની રચના 'મોગરાની કળી મને બગીચામાં મળી' ગાઈને સંભળાવી ત્યારે શ્રોતાઓ કવિને ગાવામાં સાથ આપતાં હતા. તે પછી તો અનેક રચનાઓ રજુ થઈ અને મોડી રાત સુધી શ્રોતાઓ તેમનું સંગીત આકંઠ માણતા રહયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ શ્રી સુરેન ઠાકર, 'મેહુલે' સંભાળેલું.

જયારે ગાયકોને વાદ્યવૃંદમાં સાથ આપનારામાં (વાંસળી) સથવારો કરતા હતા.

સંગીત–સંધ્યા–૨ સાથે ગુજરાતી ગિરાના એક અભૂતપૂર્વ ઉત્સવની પૂર્ણાહૂતિ થઈ. મુંબઈ અને સમગ્ર ગુજરાત માંથી સમગ્ર ગુજરાતમાંથી પધારેલ શ્રોતાઓ તેમની સાથે જિંદગીની અણમોલ ક્ષણો સાચવીને લઈ ગયા.

**મધનો રેલો થઈ ગયા દિવસો,**
**ક્ષણો કપૂરનાં દીવા થઈ ગઈ !**

# દારૂ




(ગયા અંકનું ચાલુ)

દારૂ અને માંસાહારથી થતી અશાંતિ, ઉદ્વેગ અને ભયંકર રોગોને હવે વિદેશીઓ સમજવા લાગ્યા છે. પાંચ લાખ જેટલા લોકોએ દારૂ, માંસ જેવા આસુરી ખોરાકનો ત્યાગ કરી ભારતીય શાકાહારી જીવન ગાળવાનું શરૂ કયુર્ છે.

દારૂપિયાઓ પોતે તો ડૂબે છે પરંતુ પોતાના બાળકોને પણ સાથે ડુબાડે છે. ઉપરોકત મહોદય આગળ કહે છે કે દારૂ પીનારા લોકો અત્યંત દુબૃળ હોય છે. રોગો આવા લોકોને વધુ ને વધુ હેરાન કરે છે.

દારૂના રસિયાઓ કહે છે કે દારૂ પીવાથી શરીરમાં શકિત, સ્કૂર્તિ અને ઉત્તેજના આવે છે. પરંતુ એમની આ દલીલ બિલકુલ અસંગત છે. એનાથી થોડીવાર માટે થોડી ઉત્તેજના આવે છે પરંતુ આખરે ઘણા માઠાં પરિણામો ભોગવવા પડે છે.

દારૂ પીનારની સ્ત્રીઓની કલ્પના કરો. એમને કેટલું દુઃખ ભોગવવું પડે છે ! દારૂડિયાઓ પોતાની પત્ની તરફ ક્રુરતાભર્યુ વર્તન કરે છે. દારૂ પીનારા માણસ મટી જાય છે અને રાક્ષસ બની જાય છે.

એ રાક્ષસ પણ શકિત તથા તેજ વિનાનો. એમના બાળકો પણ ઘણી રીતે નિરાશા ભોગવતા હોય છે. આખું કુટુંબ સંપૂર્ણ રીતે પાયમાલ થાય છે. સમાજમાં દારૂ પીનારા લોકોની આબરૂ ઓછી થાય છે. તેઓ ભકિત, યોગ અને આત્મજ્ઞાનના માર્ગે ચાલી શકતા નથી. જેમ જેમ માણસ વધુને વધુ દારૂ પીવે તેમ તેમ એ વધુને વધુ કમજોર બને છે.

પાશ્ચાત્ય શિક્ષણના રંગે રંગાયેલા લોકો કેટલીક વખત એવું માને છે કે દારૂનું થોડુંક સેવન આવશ્યક અને લાભકારક છે. તેઓ પોતાની જાતને સુધરેલા માને છે, પરંતુ આ ભ્રમ છે. ડો. ટી.એલ. નિકલ્સ લખે છે. જીવન માટે આલ્કોહોલની કોઈપણ રીતે અને કોઈપણ પ્રમાણમાં આવશ્યકતા નથી. દારૂથી કોઇ લાભ થવો અસંભવિત છે. દારૂથી નશો ઉત્પન્ન થાય છે પરંતુ સાથે સાથે એ અનેક રોગો ઉત્પન્ન કરે છે. જે લોકો સમજુ છે અને સમજી વિચારી શકે છે તેઓ સત્વરે માદક પદાર્થોથી દૂર રહે છે. ભગવાને માણસને બુદ્ધિ આપી છે તો બુદ્ધિપૂર્વક વિચારીને દારૂથી દૂર રહેવું જોઇએ.

જીવવિજ્ઞાનના જ્ઞાતા ઓનું કહેવું છે કે દારૂડિયાના લોહીમાં આલ્કોહોલ ભળી જાય છે. એના કારણે એના બાળકોને આંખનું કેન્સર થવાની શકયતા રહે છે. દસ પેઢી સુધીની કોઈપણ સંતતિ એનો ભોગ બની શકે છે. દારૂડિયો પોતાનું તો બગાડે જ છે પણ પોતાની દસ પેઢીઓ માટે વિનાશ સર્જે છે.

બાટલીનો દારૂ દસ પેઢી સુધી વિનાશની અસર કરી શકે તો રામનામની પ્યાલીઓ એકવીસ પેઢી ઉગારવાનું સામર્થ્ય ધરાવે છે તે સ્વાભાવિક છે.

**જામ પર જામ પીને સે**
**કયા ફાયદા રાત બીતી**
**સુબહ કો ઉતર જાયેગી ।**
**તુ હરિરસ કી પ્લાલિયાં પી**
**લે તેરી સારી જિંદગી સુધર**
**જાયેંગી ॥**

# ક્રૂરસિંહ કોમળ થયો

**– પ્રકાશ ડી. કુબાવત**

(ગયા અંકનું ચાલુ)

આથી તે તેને મેળવવા તલપાપડ બન્યો. તે મોકાની રાહ જોઇને જ બેઠો હતો. એક વખત તેને સમાચાર મળ્યા જે શેરસિંહ હરિતવનમાં તેના મામાને ત્યાં ગયા છે. આ મોકાનો લાભ લઈ રાત્રે આક્રમણ કરી શેરસિંહની પત્નીને ઉઠાવી લાવ્યો.

તેને પણ મહેલમાં કેદ કરી દીધી. તેને બધી સગવડતા આપી પણ રૂમની બહાર જવાની સખત મનાઈ કરી. દરવાજા પર ચોવિસે કલાક પહેરો ગોઠવી દીધો.


તેને બધાને કેદ કરવાની બહુ મજા આવતી હતી.

શેરસિંહને જેવી ખબર પડી કે તેની પત્નીનું ક્રુરસિંહ અપહરણ કરી ગયો છે, તે તરત જ નંદનવન પહોંચી ગયો. અને સૈનિકો લઈને કાનનવન ઉપર ઓચિંતો હુમલો કરી દીધો.

બંને વચ્ચે ઘમાસાણ યુધ્ધ થયું. ક્રુરસિંહ હારી ગયો. સૈનિકો ક્રુરસિંહને બાંધીને શેરસિંહ પાસે લઈ ગયા.

શેરસિંહ તેને નંદનવનમાં લઈ ગયો અને જેલમાં પૂરી દીધો.

એકાદ મહિનો જેલમાં રહયો ત્યાં ક્રુરસિંહને સમજાયું કે જેલમાં રહેવું કેટલું દુષ્કર છે. એક



પણ એક વરસ જેવડી લાગવા માંડી. ભલે સારું જમવાનું મળે, બધી સુવિધા મળે તોપણ બંધનમાં રહેવું કોઈને ગમતુ નથી.

મે આજ સુધી ઘણાબધાને બંદીવાન બનાવ્યા હતા. તે બિચારાની કેવી હાલત થતી હશે તે આજે મને સમજાયું. મે બહું અન્યાય કર્યો છે. જો હું જેલમાંથી છૂટીશ તો બધા સાથે સારી રીતે વર્તીશ. કોઈને દુઃખ નહીં આપુ. આવા વિચાર કરતો રહેતો.

થોડા સમય પછી શેરસિંહે તેને મળવા આવ્યો. ક્રુરસિંહે તેને પગમાં પડીને કહયું કે, ''મારુ રાજય તમે લઈ લો પણ કેદમાંથી મને મુકત કરો. હું હવે કયારેય કોઈને હેરાન નહીં કરું. હું બધાની માફી માગુ છું.''

શેરસિંહ માનવતા વાદી રાજા હતો. ક્રુરસિંહે સાચા હૃદથી પ્રાયશ્ચિત કરતા શેરસિંહે તેને માફ કરી દીધો અને કાનનવન પણ પાછુ સોંપી દીધું.

# જન્મ પછી જન્મ

શ્રીજી મહારાજ કારિયાણી ગામમાં બિરાજયા હતા. સામે વિક્રમસિંહ ખાચર નામના દરબાર બેઠા હતા. શ્રીજી મહારાજે તેમને કહયું તમેં પૂર્વજન્મમાં ખંભાતના સુથાર હતા. તમારુ નામ નારાયણ હતુ. તમારા પિતાનું નામ હીરાભાઈ હતુ. માતાનું નામ પુંજી બહેન હતું. તમે મૃત્યુ પામ્યા તે પછી તમારીમાં રહી–રડી ને અંધ થયા છે. તમારી હવેલી વાણિયાને ત્યાં ગીરવે મુકાઈ છે. તમારા માતા હાલ વાણિયા એ બનાવેલ નાની ઝુંપડીમાં રહે છે.


આવું સાંભળી વિક્રમસિંહ ખાચર આશ્ચર્ય સાથે દુઃખમાં ડૂબી ગયા. તેઓ કહે, 'મહારાજ ! તમે કહો છો તે સાચું છે, જેની નિશાની શું ? શ્રીજી મહારાજ કહે 'તમારા પિતાએ હવેલીના મુખ્ય ઓરડાના ત્રીજા પાટડીમાં ૫૦૦ રૂપિયા મુકયા છે. દીવો લઈને જોશો તો પાટડામાં એક ડગળી મારેલી દેખાશે.'

આટલું સાંભળ્યું ત્યાં તો વિક્રમસિંહ સીધા ખંભાત જવા ઉપડયા. નામ–ઠામને આધારે શોધ ચલાવી, પોતાના પૂર્વજન્મના માતા પાસે પહોંચ્યા. બધુ પૂછયું, તો પુંજી ડોશી રડતા–રડતા બોલવા લાગ્યા. 'મારે નારણ કરીને દીકરો હતો. તે નાનો હતો ત્યાં જ મરી ગયો હતો. પછી તો તેનો બાપય મરી ગયો, ને મારી આ દુર્દશા થઈ.

વિક્રમસિંહ ખાચરે માતાને શાંત પાડયા, પછી શેઠને વિનંતી કરી, દીવો લઈ ઘરમાં ગયા, સુથારને બોલાવી ત્રીજા પાઠડાની ડગળી ખોલી, તેમાંથી ૫૦૦ રૂપિયા નીકળ્યા. વાણિયાને ત્યાં વ્યાજે મુકું છું. તે તમારે રહેવા–જમવામાં વાંધો નહીં આવે, ને તમારી સેવામાં એક બાઈ રાખું છું. પછી વાણિયાને પણ બધી ભલામણ કરી વિક્રમસિંહ પાછા કારીયાણી આવી ગયા.

પૂંજીમા અને વિક્રમસિંહને એકબીજા પ્રત્યે વિશેષ હેત ન થયું ! પણ વિક્રમસિંહને મનમાં એક વાત ઘુમરાવા લાગી. અરે ! આવા તો આપણે કેટલા જન્મ ધર્યા હશે ? પણ તેમને એક વાતનો આનંદ પણ થયો કે આ જન્મે શ્રીજી મહારાજનો સંગ થયો છે, તો જન્મમરણ ટળી જશે ને મુકિત મળશે.

**– ચૌધરી પલક રાજેશભાઈ**
**(ધોરણ–૬–એ, શાળાનું નામ : રૂપાયતન પ્રાથમિક શાળા, અમરેલી.)**



**બાલમિત્રો,**

આપણો સૌ તન, મનથી સંપુર્ણ છીએ, એટલે કે આપણાં શરીરમાં કોઈ ખોટ નથી ખોડ ખાંપણ નથી, એટલે, ખુબનો પાડ માનવો જોઈએ પણ બાળમિત્રો, આપણી શાળાઓ, આડોશ પાડોશમાં, ગામમાં એવા કેટલાય માવાઓ, બાળકો છે કે જે તન,મનથી પુર્ણ નથી. અર્થાત અપંગ છે. કોઈ હાથ–પગથી, કોઈ આંખોથી કોઈ મગજથી ઓળની સ્થિતિ સારી નથી હોતી. બધાં એમને દયાની નજરે જુઓ છે. પણ કોઈ તેમને મદદરૂપ બનતું નથી. અને ખોડખાપણ વાળી વ્યકિત પોતાની જાતને શાપી ન માને છે. ઈશ્વરનો કોઈ માને છે. ને વારંવાર મરી જવાનાં વિચાર કરતાં હોય છે. પણ ઘારે તો પણ મરી શકતા નથી. કાઢવાને એમણે જીવવાનું છે. તો આવા લોકો, બાળકો પ્રત્યે આપણું વલણ કેવું હોવું જોઈએ ! બરાબર તમે સખ્યા છો. એમનાં તરફ કરૂણાનો, પ્રેમનો, વાત્સલ્યનો ભાવ રાખવો જોઈએ. જેથી તેમને ઓછું ન આવે, દુઃખ ન થાય, આવી કોઈ વ્યકિત તમારી નજરે ચડે કે મળવાનું થાય તો તેમને પ્રેમથી બોલાવીનો, વાતચીત કરજો, જો બને તો તેમને બને એટલું ખાવાપીવાનું આપજો. સહાનુભૂતિ બતાવવનો આટલું તો કરશોને બાલમિત્રો ?

# હોમરૂલ લીગ અને લખનઉ કોંગ્રેસ

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

**– બાલગંગાધર તિલક**



**અંગ્રેજ સરકારનું દમનચક્ર**

તિલક અને એમનાં હોમરૂલ લીગનાં પ્રભાવથી અંગ્રેજ સરકાર ગભરાઈ ગઈ હતી. મદ્રાસમાં શ્રીમતિ એની બેસંટનું હોમરૂલ લીગનું આંદોલન ચાલુ હતું. ઉટીમાં શ્રીમતિ બેસંટ અને એમનાં બે સાથીઓને નજરબંદી હેઠળ મુકાયા. પંજાબમાં સરકારે તિલકનાં પંજાબ પ્રવેશ પર પ્રતિબંધ મૂકયો. દિલ્હી સરકારે પણ આવો જ પ્રતિબંધ મૂકયો હતો. મુંબઈ સરકાર શિરોલનો મુકદમો આગળ ખેંચી જવાનું વિચારતી હતી. ભારત સરકારનાં ગૃહ સચિવ અને વાઈસરોય, હોમરૂલ લીગનાં નેતાઓની સામ્રાજય પર વફાદારી અંગે શંકા રાખતા હતા. ભારત સરકારની પ્રાંતીય સરકારોને આદેશ હતો કે હોમરૂલ આંદોલનકારીઓ પર મુકદમા ચલાવવામાં આવે અને એમની સભામાં વિદ્યાર્થીઓને જોડાવા ના દેવાય.


ઓકટોબરમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગની મહાસમિતિની બેઠક અલ્લાહાબાદમાં મળી, જેનાં અનુસાર ૨૬ નવેમ્બરે તિલક, ગાંધી, ઝીણા, તેજબહાદુર સપ્રૂ અને મોતીલાલ નેહરૂનું પ્રતિનિધિમંડળ ભારતમંત્રી મોન્ટેગ્યુ અને વાઈસરોયને મળ્યું.

૨૭ નવેમ્બરે તિલક ફરી ભારત મંત્રીને મળ્યા. પોતાની ડાયરીમાં વાતચીતની અસફળતા છતાં મોંટેગ્યુ લખે છે. 'આજે ભારતમાં સૌથી વધુ શકિતશાળી નેતા તિલક છે. મને મળ્યા પછી દિલ્હીમાં એમનું સરઘસ હકીકતમાં એમની વિજયયાત્રા હતી. કોંગ્રેસ લીગ યોજનાનાં અસલી પ્રણેતા તેઓ જ છે.''

તિલક પોતાની તમામ તાકાતથી હોમરૂલ આંદોલનમાં જોડાયેલા રહયા.

**ભારતનું સ્વશાસન અને મહાયુદ્ધનાં સૈનિકો (રંગરૂટ)**

એ દિવસોમાં ગાંધીજી દક્ષિણ આફિકાથી પાછા ફર્યા હતા. દેશનાં રાજકારણમાં તેઓ પ્રવેશી રહયા હતા. ગોખલેનાં નરમદળનો પ્રભાવ ઓછો થઈ રહયો હતો અને તિલકનો સિતારો બુલંદ હતો. શ્રીમતિ બેસંટ ૧૯૧૭માં કોંગ્રેસનાં અધ્યક્ષ નીમાયા. આ તિલક અને હોમરૂલ આંદોલનનો વિજય હતો. હોમરૂલ આંદોલનની સફળતાનાં મુકાબલે નરમ દળનો પાયો હાલી ગયો હતો.તિલકે પ્રસ્તાવ રજુ કર્યો કે ૧૫ વર્ષોમાં પુર્ણ સ્વરાજ આપવામાં આવે. બીજા પ્રસ્તાવોમાં એમણે ૧૯૧૪ થી જેલમાં નજરબંદ શૌકત અલી અને મુહમ્મદ અલીને છોડી દેવાની માંગ કરી. ૧૯૧૪–૧૮ વિશ્વયુદ્ધમાં બ્રિટન



પણ ઉતરી પડયું હતું. એને વિશ્વાસ હતો કે ભારતની જનતા 'સ્વશાસનની ભૂલામણીમા' આવીને એને સાથ આપશે.

ગાંધીજીને બ્રિટિશ સરકારનાં ઈરાદામાં વિશ્વાસ હતો અને એ મુસીબતમાં એની મદદ કરવા માટે બ્રિટિશ સેનામાં 'ભારતીય રંગરૂટોની ભરતી'નું સમર્થન કરી રહયા હતા. તિલક ઈચ્છતા હતા કે ભારતીયોની મદદનાં બદલે અંગ્રેજ પણ ભારતને કેટલાક અધિકાર આપે. તેઓ ખુદ વૃદ્ધાવસ્થામાં યુદ્ધમાં સામેલ થવા તૈયાર હતા. પણ એમનાં મનમાં અંગ્રેજોની નીતિ અંગે સંદેહ હતો. સંદેહનું કારણ ૧૯૧૮માં દિલ્હીમાં યોજાયેલા 'યુદ્ધ સંમેલન'માં તિલકને બોલાવાયા નહોતા. વાઈસરોયે માત્ર ગાંધીજીને વાતચીત માટે આમંત્રિત કર્યા હતા. પરંતુ ભારત મંત્રી મોટેગ્યુનું કહેવું હતું, 'જો હું વાઈસરોય હોત તો તિલકને ચોકકસ દિલ્હી બોલાવત કારણ કે આ સમયે તેઓ દેશમાં સૌથી શકિતશાળી વ્યકિત છે અને તેઓ ઈચ્છે તો યુદ્ધમાં નકકર સહાય આપી શકે છે.''

**યુદ્ધ સંમેલન**

પરંતુ થોડા દિવસોમાં ગવર્નર લોર્ડ વિલિંગ્ડનની અધ્યક્ષતામાં મુંબઈ 'પ્રાંતીય યુદ્ધ સંમેલન' માં તિલકને આમંત્રણ અપાયું. ગવર્નરે વાઈસરોયની જેમ ભારતની જનતાને આશ્વાસન આપ્યું. તિલકે ગવર્નરનાં પ્રસ્તાવનું સંશોધન રજુ કરવા ઈચ્છા કરી. પરંતુ એમને સંમતિ આપવામાં ના આવી. એમનાં ભાષણમાં વચ્ચે વચ્ચે જ લોકોએ ટીકા–ટીપ્પણી ચાલુ રાખી. અંતે તિલક મંચ પરથી નીચે ઉતરી ગયા અને સભા છોડીને જતા રહયા.

એ દિવસોમાં પુણેમાં કિલોસ્કર થિયેટરની એક સભામાં તિલકે એક સવાલ પુછયો હતો. ''તેઓ (અંગ્રેજો) આપણને કહે છે – 'ભારત પર સંકટ આવી રહયું છે.'' એનાથી આપણે શું ? આપણે એ ભારતની રક્ષ કરવા શા માટે આગળ આવીએ જેના પર આપણો કોઈ અધિકાર નથી, જેમાં આપણી સાથે ગુલામો જેવોા વ્યવહાર કરવામાં આવે છે. ?''

તિલક બ્રિટીશ સેના માટે 'રંગરૂટ ભરતી' કરવાનાં હિમાયતી હતા, પરંતુ તેઓ એ પણ ઈચ્છતા હતા કે ભારતીય સૈનિકોને અંગ્રેજો જેટલા જ અધિકાર અને પદ પણ આપવામાં આવે. એમની શરત એ હતી કે સરકાર પહેલા આશ્વાસન આપે કે ભારતીયોને કમિશન અથવા અફસરનું પદ મળશે. તેઓ માત્ર મહારાષ્ટ્રમાંથી જ પાંચ હજાર રંગરૂટો ભરતી કરાવવાનું આશ્વાસન આપી ચુકયા હતા. પચાસ હજાર રૂપિયાનો ચેક બ્રિટિશ સરકારની મદદ માટે તેઓએ ગાંધીજીને મોકલ્યો હતો. તિલકનું કહેવું હતું કે અંગ્રેજો પર પડેલા સંકટનો આપણે પણ લાભ ઉઠાવવો જોઈએ. પરંતુ ગાંધીજી અંગ્રેજ સરકારની મદદ કરતી વેળા કોઈ શરત મુકાય એ વાત સંમત નહોતા.ા એમણે તિલકનો ચેક પાછો મોકલ્યો.

હોમરૂલ લીંગ અને લખનઉ કોંગ્રેસ.

તિલકની દઢતાનો આ સવાલ આગળ જતાં એક મોટા સંઘર્ષમાં ફેરવાયો. કોંગ્રેસનાં મુંબઈ અધિવેશનમાં શ્રીમતિ એની બેસંટે રંગરૂટ ભરતીનો પ્રસ્તાવ રજુ કર્યો. એ પ્રસ્તાવ સ્વીકારાયો. પરંતુ આને કારણે મદ્રાસ અને સમગ્ર દેશમાં એમની શાખ ઘટવા લાગી. હોમરૂલ લીગનાં મોટી સંખ્યાનાં સમર્થકો 'તિલક મહારાજ' ના પક્ષમાં આવી ગયા.આ દરમિયાન 'મોંટેગ્યૂ–ચેમ્સફોર્ડ સુધારણા યોજના'ની જાહેરાત થઈ હતી.

એના દ્વારા પ્રાંતોમાં કાઉન્સિલોનાં સભ્યોની સંખ્યા વધારવા અને કેટલાક ભારતીયોને મંત્રી બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી. પરંતુ અસલ અધિકારો અંગ્રેજ ગવર્નરમાં હાથમાં જ રહયા. તિલકે કહયું કે આ રૂપિયા એક આની જેટલા સ્વરાજય સમાન છે.

શ્રીમતિ બેસંટ દેશનાં ઉગ્ર રાજકારણમાંથી બહાર નીકળી ગયાં હતા. તિલક 'નેશનલ હોમરૂલ લીગ'ની સ્થાપના પછી એના પ્રતિનિધિઓને ઈંગ્લેન્ડ મોકલવા લાગ્યા હતા. આ કામ માટે એમણે ફાળો ઉઘરાવીને દોઢ લાખ રૂપિયા પણ એકઠા કર્યા હતા.

## સંકલપ નિયમન માટે સિદ્ધસાધનાઓ

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૭ . ખોટા વિચારોને જરાપણ આવકારો નહિ**

પહેલા ખોટા વિચાર મનમાં પ્રવેશ કરે છે, ત્યાર બાદ પ્રબળ ખોટી કલ્પના ઉત્પન્ન થાય છે, જેમાં તમને આનંદ આવે છે. આથી તમે તેને મનમાં વધારે વખત સ્થાન આપો છો. ધીમે ધીમે આ ખોટા વિચારનો વિરોધ ન થતા તમારા મનમાં તે પોતાનો અડો જમાવે છે. ત્યારબાદ તેને હાંકી કાઢવાનું કામ બહુ જ મુશ્કેલી થઈ પડે છે. કહેવત છે કે ''દુષ્ટને આંગળી આપો તો કાંડુ પકડશે.'' દુષ્ટ વિચારોને પણ આ લાગુ પડે છે.

**૮. ખરાબ સંકલ્પને ઉગતા પહેલાં જ દાબી દો**

જેમ કોઈ કૂતરો ગધેડું આપણા ઘરમાં પ્રવેશ કરવા આવે ત્યારે આપણે તરત જ બારણું બંધ કરી દઈએ છીએ. તેવી જ રીતે કોઈપણ ખરાબ વિચાર તમારા મનમાં પ્રવેશ કરી મગજ ઉપર ખરાબ છાપ પાડે તે પહેલા જ તેને મનમાં આવતો અટકાવી દો. આથી તમે થોડા સમયમાં જ જ્ઞાની થશો અને શાશ્વર સુખશાંતિ પ્રાપ્ત કરશો.કામ, લોભને અહંતાને દૂર કરો. માત્ર શુધ્ધ વિચારોને જ મનમાં સ્થાન આપો. આ કાર્ય ટેકરી પર ચડવા જેવું મુશ્કેલ છે.


પણ તે કર્યે જ છુટકો છે. થોડા સમય બાદ તમે તમારા પ્રયાસમાં સફળ થાશો.એક દુષ્ટ વિચારને દાબી દેતા બીજા દુષ્ટ વિચારોનો નાશ કરવાનું બળ તમારામાં ઉત્પન્ન થશે. જેને લીધે તમારી આધ્યાત્મિક શકિતને ઈચ્છાશકિતમાં પણ વૃધ્ધિ થશે.

ખરાબ સંકલ્પનો નાશ કરવામાં તમે નિષ્ફળ જાઓ તો તો પણ કદી નિરાશ થાઓ નહીં. પરસેવા વિના મેવો મળે નહિ. ધીમે ધીમે તમારામાં આંતરિક આધ્યાત્મિક બળ ઉત્પન્ન થશે, જેનો તમને અનુભવ થવા માંડશે.

**૯. ખરાબ સંકલ્પોનો નાશ કરવા માટે આધ્યાત્મિક અભ્યાસ**

કોઈવાર જયારે ખરાબ સંકલ્પ તમારા મનમાં પ્રવેશ કરે ત્યારે તમારું મન ધ્રુજી ઉઠે છે. આ તમારી આધ્યાત્મિક પ્રગતિનું ચિહન છે. આ બતાવે છે કે, તમારો આધ્યાત્મિક વિકાસ થઈ રહયો છે. હવે ભૂતકાળ માં થયેલા તમારા દુષ્ટ કાર્યોનો વિચાર કરતા તમને તીવ્ર દુઃખ થશે. હવે તમે તેવા કામ ફરીથી કરશો નહિ. તે કરવા જતા તમારું મન કંપી ઉઠશે. ટેવની પ્રબળતાથી જયારે જયારે કોઈ ખરાબ વિચાર તમને દુષ્ટકૃત્ય કરવા માટે પ્રેરશે, ત્યારે તમારું શરીર કંપી ઉઠશે. પૂરેપરા બળને ઉત્સાહપૂર્વક તમારું ધ્યાન ચાલુ રાખો. આમ, દુષ્ટકૃત્યોની બધી યાદને દુષ્ટ વિચારોની બધી છાપ ભૂંસાઈ પવિત્રતા અને શાંતિથી સુરક્ષિત બનશે.

## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૧૫૧– જગતમાં બીજાને રડાવશો નહિ. જાતે રડજો. રડવાથી પાપ બળે છે.

૧૫૨– વંદનથી પ્રભુ બંધનમાં આવે છે.

૧૫૪– ભગવાનની સ્તુતિ રોજ ત્રણ વાર કરવી. સવારે, બપોરે અને રાત્રે સૂંતા પહેલા, તે ઉપરાંત સુખમાં, દુઃખમાં અને અંતકાળે સ્તુતિ કરવી.

૧૫૫– સંસારી ને સંસારનું ઝેર વારંવારા બાળે છે.

૧૫૬– રોજ પ્રાર્થના કરજો :''નાથ આપ મારા મરણ સમયે જરૂર આવજો.''


૧૫૭– ભગવાનને તમારૂ મન તમારી બુદ્ધિ અર્પણ કરો.

૧૫૮– દેહનાં અવસાન વખતે વીસ કરોડ વીંછીઓ કરડે તેટલું દુઃખ થાય છે.

૧૫૯– ભીષ્મે કરેલી સ્તૃતિ અનુપમ છે, તે કંઠસ્થ કરવા જેવી છે. એને 'ભીષ્મસ્તવરાજ' સ્તોત્ર પણ કહે છે.

૧૬૦– માનવ જીવનની છેલ્લી પરીક્ષા મરણ છે. જેનું જીવન સુધરે એનું મરણ સુધરે. મરણ ત્યારે સુધરે જયારે પ્રતિક્ષણ સુધરે, જીવન એનું સુધરે જેનો સમય સુધરે જેને સમયની કિંમત છે. કણનો દુરૂપયોગ ન કરો અને ક્ષણનો દુરૂપ્રયોગ ન કરો.

## ટેણીયાને શોધી કાઢો...



## આ કીવી ખાધું છે ?



આજકાલ આપણાં ગુજરાતનાં બજારોમાં એક અજાયબ ફળ મળવા લાગ્યું છે. મોટા ઈંડાનાં આકારનું અને બદામી રંગની છાલવાળું આ ફળ કીવી ફ્રુટ કહેવાય છે. ઘણાં ખરાં લોકો માને છે કે એનુ નામ કીવી ફ્રુટ છે, માટે એ મૂળે ન્યુઝીલેન્ડનું વતની હશે. જે ઉડી નથી શકતું એવું કીવી પંખી ન્યુઝીલેન્ડનું વતની છે. માટે કીવી ફ્રુટ છે, માટે એ મુળે ન્યુઝીલેન્ડનું વતની હશે. જે ઉડી નથી શકતું એવું કીવી પંખી ન્યુઝીલેન્ડનું વતની છે. માટે કીવી ફ્રુટ પણ ત્યાનું વતની હશે.

પરંતુ આ વાત સાચી નથી. આ ફળનું મુળ વતન દક્ષિણ ચીન છે. પણ ઈ.સ.૧૯૦૪ માં કોઈ એક મુસાફર આ ફળ ઓસ્ટ્રેલિયાનાં ન્યું ઈગ્લેન્ડ પ્રદેશમાં લઈ આવ્યો અને એનાં બી વાગ્યા. કીવી ફ્રૂટનાં વેલા ઉગી નીકળ્યા. ત્યાંથી આનાં બીજ ન્યુઝીલેન્ડ પહોંચ્યા. અહીંની આબોહવા આ ફળને એટલી બધી માફક આવી કે એની પુષ્કળ ઉપજ થવા લાગી. વાસ્તવમાં, આજે સૌથી વધુ આ ફળ ન્યુઝીલેન્ડમાં પાકે છે. અને ત્યાંથી બધે નિકાલ થાય છે. ન્યુઝીલેન્ડનાં અર્થતંત્રમાંય એનો સારો એવો ફાળો છે.આમ, ન્યુઝીલેન્ડનો આ ફળ સાથે વધુ ગાઢ સંબંધ થયો એટલે એને એક અમેરિકાને 'કીવીફ્રુટ'નામ આપ્યું. બાકી મીપીચ એન ચાઈનીઝ ગુઝબેરી જેવાં પણ આ ફળનાં નામ છે.કીવી ફ્રૂટની ઓળખ ન્યુઝીલેન્ડ સાથે જોડઈ ગઈ છે, પરંતુ હવે એ ફ્રાન્સ, અમેરિકા, ઈટાલી, સ્પેન તથા જાપાનમાં પણ ઉગે છે. ભારતમાં એની ખેતી થતી નથી. દુર દુરથી એની આયાત થાય છે, એટલે એ ખુબ મોંઘુ મળે છે.એ મોંઘુ હોવા છતાં ધનવાનો એની ઘણી ખરીદી કરે છે. એનું કારણ એનો ખટમીઠો સ્વાદ છે. એકીસાથે આપણને એમાં કેળાં, અનનસ, તરબૂચ જેવા ફળોનાં મિશ્રણ જેવો સ્વાદ મળે છે. કહેવાય છે કે અન્ય કોઈ પણ ફળ કરતાં વધારે પોષક તત્વો એમાં મળે છે. સૌથી વિશિષ્ટ વાત એ છે કે આછા લીલા રંગનો ગર ધરાવતું આ એકમાત્ર ફળ છે.

## જ્ઞાનમંજરી

(૭૧) વઢવાણ શહેરને બીજા કયા નામથી ઓળખાય છે ? – વર્ધમાનપુર

(૭૨) કવિ નર્મદને કયું બિરૂદ મળ્યું હતું ? – વીર નર્મદ''

(૭૩) નદીઓને લોકમાતા કહેનાર સર્જક કોણ છે ?– કાકા કાલેલકર

(૭૪) ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક નવલકથા આપનાર સર્જક કોણ હતા ?–કનૈયાલાલ માણેકલાલ મુનશી

ગુજરાતનો ઈતિહાસ અને ભૂગોળ

(૭૫) ગુજરાતનું પૌરાણીક નામ શું છે ? : આનર્ત

(૭૬) ગિરનારનાં શિલાલેખ (બ્રાહ્મી લિપિ)નું – સૌપ્રથમ વાંચન કોણે કર્યુ હતું ? :– જેમ્સ પ્રિન્સેપ.


(૭૭) ગિરનાર ઉપરની એક જ મહાશિલા ઉપર ત્રણ રાજાઓએ કોતરાવેલ લેખો મળે છે.
એ ત્રણ રાજાઓમાં નીચે પૈકી કોનો સમાવેશ થાય છે?– સમ્રાટ અશોક

(૭૮) કઈ બે નદીઓની વચ્ચેનો પ્રદેશ 'લાટપ્રદેશ' કહેવાતો ? :– મહી – રેવા

(૭૯) શ્રી કૃષ્ણનાં બાળમિત્ર સુદામાં કયાંનાં હતા ? :– પોરબંદર.

(૮૦) શ્રી કૃષ્ણે કઈ નગરી વસાવી હતી ? :– દ્વારકા.

## વાર્તા : હાથી કોનો ?



એક વાર એક રાજાએ નગરમાં ઢંઢેરો પિટાવ્યો : ''રાજાજીને નદી કિનારાનાં રસ્તાની કોરથી એક હાથી જડયો છે. કાલે સવરે રાજસભામાં આવીને એના માલિકે હાથી લઈ જવો.''

વળતે દિવસે રાજસભામાં બે જણાએ હાથીની માંગણી કરી. એમાંના એકે હાથ જોડીને રજુઆત કરી, ''મહારાજ!' મારૂં નામ જીવણ છે. ખોવાયેલો હાથી મારો છે.''

એકદમ બીજો માણસ પોકારી ઉઠયો : ''રાજાજી ! કાલે રસ્તામાં મારો હાથી ખોવાયો છે. મારૂ નામ શ્યામ છે.''

રાજાએ જીવણને પુછયું, ''તું શો ધંધો કરે છે ?''

જીવણ કહે : ''હું સરકસવાળો છું. મારો હાથી મને બહુ વહાલો છે. દરરોજ નદીએ લઈ જઈને નવડાવું છું.''

રાજાએ શ્યામને પુછયું, ''તું હાથીને કયાં નવડાવે છે ?''

શ્યામે હાથ જોડયાં, ''મહારાજ ! મારા હાથીને નવડાવવાનો નથી હોતો. કયારેક લુછવાનો હોય. કાલે ઘરાકને આપવા જતાં રસ્તામાં પડી ગયેલો.''

રાજાએ તાળી પાડી : ''મને ગઈકાલે મળેલો હાથી લાવો અને આ શ્યામને આપી દો!''

હાથી આવ્યો. જોઈને સૌ અચંબો પામ્યા. એ સોનાનો હાથી હતો.

શ્યામ સોની હતો !

## વાર્તા : અચરજ

આ વાર્તા આ જોવા ઘરેથી ભાગેલા એક નાનકડા છોકરાની છે.

છોકરો રોજ અંટ્રને જોયા કરતો ચંદ્રઉચા વાદળોમાં પેસીને લાંબા ઝાડ ઉપર ઠેકીને દરરોજ રાત્રો દુ પોતાની બારીમાંથી એડજોયા કરતો. ચાંટનું મો.દરરોજ રાત્રે જરા જરા વધતું અને વધી વધીને મોટું ગોળ મટોળ થતું પછી પાછું ધીમે ધીમે નાનું થઈ જતું અને આખરે એક રાત્રે છુ થઈ જતું છોકરાને થતું ચંદ્રરાજી હોય ત્યારે વધે છે. ગમગીન હોય ત્યારે ઘટે છે. ચંદ્ર સ્થાપી રાજી થતો હશે, શાથી ગમગીન થતો હશે એનું છોકરાને અચજજ હતું. અંટ રોજ– શા માટે દુરનાં પર્વત ઉપર જતો હશે. એનું ય છોકરાને કૌતુક રહયા કરતું.

કોક કોક વાર ચંદ્ર સાથે વાર્તા કરતો, વળી સામે તારા પોતાના વાર્તા કરતા. એ સૌનાં સંવાદથી કોઈ વાર વાદળ પાડ પાડી હસી પડતાં કોઈવાર તારાઓનાં હોઠ હાલતા અને ચંજ્ઞમરે ધ થઈને એમનો કવિતા પાઠ સાંભળતો જણાતો કોઈવાર વાદળ પણ ચંજ્ઞની અડોઅડ ચાલતાં અને દુરનાં પર્વત ઉપર જઈ શ્વાસ ખાતા છોકરાને વાદળોનું પણ અરારજ થતું.

વાદળ રોજ દેખાતા, દિવસ હોય કે રાત, દિવસે સુરજ એક પટી એક ડગલા ઉતારતો અને વાદળ સરજ ફેકી દીધેલા રંગરંગીન ડગલા પહેરી આકાર બદલતા.

**વર્ધનભાઈ સંજયભાઈ ખડોદરા**
**શાળા : ધો.૫–એ, રૂપાયતન–અમરેલી.**

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## એમ કેમ ?

ઉદાર હૈયા જેવું વિશાળ ફળિયું હોય, વ્હાલપ ઢોળતો લીમડો હોય, બાથમાં લઈ ભેટતા ભાવભર્યા પુરૂષો હોય, ઓવારણાં લઈ આંગળીનાં ટચાકા ફોડતી હેતભીની નારીઓ હોય, આંગણાંની બારસાખે મીઠો આવકારો આપતું હાથ ભરતનું તોરણ હોય, ખાટલામાં ધડકી પાથરી હોય, ગાયનું તાજું શેઢ કડું દૂધ બોઘરામાંથી તાંસળીમાં ઠલવાતું હોય,.

''મારા સમ, ના પાડો'તો !' એવો અદકેરો આગ્રહ હોય.... આ બધું છોડીને શહેરી સભ્યતામાં અંજાયેલા આપણે શું મેળવ્યું એનોય વિચાર કરવા જેવો ખરો !

## હસવાની મનાઈ છે :

**કપડા–બૂટ આપો**

ડોકટર મહેતા : (દર્દીને ઓપરેશન ટેબલ પર સુવાડતા) હું તમારી સાથે નિખાલસતાથી વાત કરીશ.
આ ઓપરેશનમાં પાંચમાંથી ચાર દર્દી મરી જાય છે. બોલો, ઓપરેશન શરૂ કરતાં પહેલાં હું તમારી બીજી કોઈ સેવા કરી શકું ?
દર્દી : હા, મને મારા કપડા અને બૂટ આપો.

**:: સારા ::**

એક રિટાયર્ડ કમાંડરની મુલાકાત લેતાં પત્રકારે પુછયું : ''તમે ઘણી લડાઈ લડયા. તેમાંથી સાર શું લીધો સાહેબ ?'' ''ઈતિહાસ ગોખવા કરતા સર્જવો સહેલો છે.''

**:: તો તો ખમો ! ::**

જમના : બાળકોની તસવીરો પાડવાનું શુ લો છો ?
ફોટોગ્રાફર : ડઝનના પાંચ રૂપિયા.
જમના : તંઈ તો ખમો, મારે હજુ દસ જ છે.

**:: બદલો વાળ્યો ::**

એક સરદારજી બહારગામ જવા માટે સ્ટેશને ગયા ને ટ્રેન ઉપડી ગાઈ. બીજે દિવસે પણ આવું જ બન્યું. ચારેક દિવસ સરદારજી બે–પાંચ મિનિટ માટે ટ્રેન ચુકી જતા. પાંચમે દિવસે વહેલી સવારે કડકડતી ઠંડીમાં સામાન લઈને સરદારજી પ્લેટફોર્મ પર બેસી ગયા.

ત્રણ – ચાર કલાક બાદ ટ્રેન આવી. પણ સરદારજી એમાં બેઠા નહિ. કોઈએ કારણ પૂછતા મુટ્ઠી વાળી સરદારજી બોલ્યા. ''ચાર દિવસથી ટ્રેન મને દગો દઈ રહી છે. આજે મેં તેને દગો દીધો.''

**:: ફરિયાદ એ જ છે ! ::**

શેઠ : હવે તો હું તને નોકરીમાંથી કાઢી મુકીશ.
નોકર : પણ શેઠ સાહેબ, મારો કંઈ વાંક ? મેં તો કંઈ કર્યુ
શેઠ : તું કશું કરતો નથી, એ જ મારી ફરિયાદ છે.

**:: દસ વરસની નિરાંત ::**

ગુલાબચંદ : મારૂં આ ફોટું અત્યારે હું છું એના કરતાં મને દસ વરસ મોટો બતાવતું હે.
જુહારમલ : એ તો ભલો થિયો ! દસ વરસ લગી તારે ફોટુ ાજ ની ખેંચાવવાનું


## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




## આ મારું ચિત્ર છે




ચૌહાણ સુહાની જગદીશભાઈ
(ધો.૬–એ–ઓકસફર્ડ સાયન્સ સ્કૂલ અમરેલી)



મકવાણા અજય, રાણવા નવનીત
(ધો.૬–બી, રૂપાયતન સ્કૂલ, અમરેલી)



ગોહિલ શિવમ
(રૂપાયતન સ્કૂલ, અમરેલી)



દાફડા જાન્વી જે.
(ધો.૬–એ, રૂપાયતન સ્કૂલ, અમરેલી)

# અમરેલી જિલ્લા આચાર્ય સંઘના સારસ્વત ભવનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો






અમરેલી જિલ્લા આચાર્ય સંઘ દ્વારા સારસ્વત ભવન ( આચાર્ય સંઘ કાર્યાલય) નું લોકાપર્ણ નવનિયુકત આચાર્યઓનું તેમજ નિવૃત આચાર્યઓનું અભિવાદન સમારોહ ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં તા.૨૧/૯/૨૦૨૩ને ગુરૂવારનાં રોજ યોજાયો હતો. સારસ્વત ભવનનું લોકાપર્ણ કૌશિકભાઈ વેકરીયા હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા આચાર્ય સંઘનાં મહામંત્રી મુકુંદભાઈ મહેતા દ્વારા સૌ મહેમાનોનું શબ્દોથી સ્વાગત તેમજ ગ્રાન્ટેડ શાળાનાં પ્રશ્નો બાબતે વિસ્તૃત અહેવાલ આપેલ હતો. આ પ્રસંગે જિલ્લા સંઘનાં પ્રમુખ સી.પી.ગોડલીયા દ્વારા અમરેલી જિલ્લા આચાર્ય સંઘ દ્વારા કરવામાં આવેલ વર્ષભરની પ્રવૃતિઓ તેમજ આચાર્ય સંઘનાં કાર્યાલય બાબતે વિસ્તૃત માહિતી આપેલ હતી.આ પ્રસંગે રાજય આચાર્ય સંઘનાં ભરતભાઈ ચૌધરી દ્વારા રાજયનાં આચાર્યઓનાં વિવિધ પ્રશ્નો ઉકેલ માટે થયેલ કાર્યવાહી અને આગામી આંદોલનનાં કાર્યક્રમો અંગે જાણકારી આપેલ હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત ભાનુભાઈ પટેલ–રાજય આચાર્ય સંઘનાં પ્રવકતાએ અમરેલી જિલ્લા આચાર્ય સંઘની સક્રિયતાને બિરદાવેલ હતી અને નવનિયુકત આચાર્યઓને આચાર્ય તરીકેની ભૂમિકા ઉતમ રીતે નિભાવવા શીખ આપેલ હતી.આ પ્રસંગે જિલ્લા આચાર્ય સંઘનાં પુર્વ પ્રમુખ અજીતસિંહ ગોહિલ દ્વારા સંઘનાં પ્રમુખ/મંત્રીને અભિનંદન પાઠવેલ હતા અને નિવૃત આચાર્યઓને શુભેચ્છા પાઠવેલ હતી. તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષીએ પણ શુભેચ્છા પાઠવેલ હતી. આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયા તથા વસંતભાઈ મોવલીયાએ નવનિયુકત આચાર્યઓ તેમજ નિવૃત આચાર્યઓને સન્માનિત કરેલ હતા. અને સૌને શુભેચ્છા પાઠવેલ હતી. પ્રાસંગિક ઉદબોધનમાં કૌશિકભાઈ વેકરીયાએ રાજય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓનાં પ્રશ્નોનાં નિકાલ બાબતે વાકેફ કરેલ હતા. અને જિલ્લાના કોઈપણ શૈક્ષણિક પ્રશ્નોનાં નિકાલ માટે તત્પરતા દર્શાવેલ હતી. આ પ્રસંગે જિલ્લા આચાર્ય સંઘનાં મહામંત્રી મુકુંદભાઈ મહેતાનું અમરેલી જિલ્લા બ્રહ્મસમાજનાં પ્રમુખ તરીકે નિયુકત બદલ સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ નિરીક્ષક લતાબેન ઉપાધ્યાયની સુંદર, પારદર્શક વહીવટી કામગીરી બદલ જિલ્લા આચાર્ય સંઘ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનાં અંતમાં આભાર વિધિ વિપુલભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ હતી. અને કાર્યક્રમનું સુંદર સંચાલન હરેશભાઈ વડાવીયા દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા અશોકભાઈ ઘેટીયા, વિપુલભાઈ ભટ્ટ, હસમુખભાઈ કરડ, અમિતભાઈ ઉપાધ્યાય, ઉમેશભાઈ ભડેરી, જીતુભાઈ ભંડેરી વગેરેએ જહેમત ઉઠાવેલ હતી આ પ્રસંગે જિલ્લાભરનાં આચાર્યઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## વાંકિયા પ્રાથમિક આરોગ્ય ખાતે મોતીયાનો નિદાન કેમ્પ યોજાયો

વાંકિયા, તા. ૨૨

વાંકીયા પ્રા.આ.કેન્દ્ર ખાતે રાધીકા હોસ્પીટલ–અમરેલીના સહયોગથી સબ મોતીયો નિદાન કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં કુલ ૪૪ દર્દીઓએ પોતાની આંખની તપાસ કરવામાં આવેલ હતો. જે પૈકી ૭ દદો મોતીયા વાળા પડદો વેલ વાળા, ૨ દર્દી કારીવાળા શોધી કાઢેલ હતા. જે તમામને તબક્કાવાર મફત ઓપરેશન માટે આયુષ્યમાન કાર્ડ અંતર્ગત મોકલવામાં આવશે. અને નિઃશુલ્ક ઓપરેશન તથા સારવાર કરી આપવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારી આકાશ ડી. અગ્રાવત પી.જે. બોરીચા, આશા નીતાબેન ભટ્ટી, મનીષાબેન પરમાર, કાજબબેન સિધ્ધપુરા, તથા જપસીબેન પરમાર દ્વારા સખત જહેમત ઉઠાવેલ હતો. આ સંપુર્ણ કેમ્પ વાંકીયા મેડીકલ ઓફીસર ડો.કૈયુર રામાણી, ડો. કીરણબેન શેલડીયાના માર્ગદર્શન હેઠળ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર.એમ.જોષીની સુચના હેઠળ યોજવામાં આવેલ હતો. સાથે ડાયબીટીસ, બીપી કેમ્પ પણ યોજાયો હતો. જે પૈકી ડાયાબીટીસની તપાસ એલટી ટી.કે.સાદરાણી દ્વારા કરવામાં આવેલ હતો. દર્દીઓને જરૂરીયાત મુજબની દવાઓ ફાર્મા, આર.એસ. ચાવડા દ્વારા આપવામાં આવેલ હતો. ઉપરોકત બન્ને કેમ્પ સફળ રહેલ હતા.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં નડાળાનાં મહિલાને**

શકતા નથી અને હંમેશા ડરમાં જીવી રહ્યા છીએ.

આ કામના આરોપી અમારી સાથે બળજબરીથી બદકામ કરવા ઈચ્છે છે અને અમો એમના વશમાં ના થતાં અવારનવાર અમોને ડરાવી ધમકાવી અમારા ઘરે આવી ગાળો બોલી અમોને જેમ ફાવે તેવું વર્તન કરી અમારૂ જીવન જીવવું મુશ્કિલ થઈ પડયું હોય.

અમો મહિલાને આ ત્રાસમાંથી મુકત કરાવી અને આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **પ્રધાનમંત્રીનાં જન્મદિનની ઉજવણી અંતર્ગત**

ધ્વારા કોઈ જાતની જાણ કે ચેતવણી આપ્યા સિવાય એકીસાથે ૧૮ લાખ કયુસેક કરતાં વધુ પાણી છોડાતા અનેક ઘરો પાણીમાં ડૂબી ગયા, ઘરોની ઘરવખરી પાણીમાં તણાઈ ગઈ અને બગડી ગઈ, દુકાનદારો–વેપારીઓના સામાન પાણીમાં પલળી ગયા, નદીકાંઠાના વિસ્તારોમાં પાક અને ખેતરોના ધોવાણ થયા. આમ નર્મદા ડેમમાંથી પાણી છોડવાથી થયેલ નુકસાની કુદરતી આફત નથી પરંતુ માનવ સર્જીત આફત છે.

સરદાર સરોવર નર્મદા ડેમ એ ગુજરાતની જીવાદોરી છે. તેનું પાણી ગુજરાતીઓના લાભ અને હિત માટે ઉપયોગ કરવા માટે બનાવવામાં આવ્યો છે. ૧૭ સપ્ટેમ્બર પહેલાનાં દિવસોમાં ગુજરાતના અનેક ભાગોમાં વરસાદની અછત હોવાથી ખેડૂતો અને જનતાનાં પ્રતિનિધિઓ નર્મદાનું પાણી પુરૂ પાડવા અને સિંચાઈ ઉપલબ્ધ કરાવવા સરકાર સામે પોકાર વરસાવી રહ્યા હતા તેમ છતાં નર્મદામાંથી ખેડૂતોનો ઉભો પાક મુરઝાતો બચાવવા પાણી આપવાના બદલે સંગ્રહ કરવામાં આવ્યો અને ૧૭મી સપ્ટેમ્બરે એકી સાથે છોડવામાં આવ્યં જેના કારણે નીચાણવાળા ભાગોમાં ખાના ખરાબી સર્જાય.

નર્મદા ડેમમાંથી ૧૪, ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરનાં પાણી સંગ્રહ કરવા અને ૧૭ સપ્ટેમ્બરનાં પાણી એક સાથે છોડવાનો નિર્ણય કઈ કક્ષાએથી લેવામાં આવ્યો. પાણી છોડવાનું પ્રસ્થાપિત પ્રોટોકલ અને સલામતીના પગલાંઓ અનુસરવામાં આવ્યા હતા કે કેમ તેની તપાસ કરવી જરૂરી છે. નર્મદા પુરથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમ્યાન નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે અને નાગરિકો ધ્વારા એ પણ આક્ષેપ થઈ રહ્યો છે કે ૧૭મી સપ્ટેમ્બરનાં વડાપ્રધાનના જન્મ દિવસે જ નર્મદાનું પાણી છોડીને નીરના વધામણા કરવા સારૂ પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આથી નાગરિકોમાં વિશ્વાસ જાળવવા માટે આવી બાબતોમાં પારદર્શિતા બહાર આવે તે માટે ન્યાયિક તપાસ થાય તે માટે હાઈકોર્ટના સીટીંગ જજ મારફતે ખાસ તપાસ પંચ નીમીને તપાસ કરાવવા માટે યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં આવતીકાલે સહકારી સંસ્થાઓની**

આયોજનની પહેલ અમરેલી ખાતે દિલીપ સંઘાણીના માર્ગદર્શનતળે એટલી અસરકારક નિવડી કે, અન્યત્ર આ પ્રકારના આયોજનો સ્વીકૃત બન્યા. અમરેલી ખાતે આયોજીત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાની સાથોસાથ ભારત સરકારની ''રાષ્ટ્રીય ગોકુલ મિશન'' યોજના તળે અમર સેન્ટર ઓફ એસેલન્સ(ગીર ગાય સંવર્ધન) પ્રોજેકટનું ભૂમિપુજન કરવામાં આવશે તેમજ અમર ઈ.ટી.આઈ.વી.એફ. લેબોરેટરીનો શિલાન્યાસ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોગેસ તથા વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટનું શિલાન્યાસ કરવામાં આવનાર છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલીનાં સરદાર ચોકમાં નાયબ દંડક દ્વારા ગણપતિ વંદના




અમરેલી, તા. ૨૨

અમરેલી સરદાર ચોક રામેશ્વર ધુન મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ – ૨૦૨૩ માં આરતી દર્શન માટે ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અમરેલી નગરપાલિકા સદસ્ય ટીમ તથા સરદારનગર વોડ નં.–૧૦ના સભ્ય હેતલબેન અશ્વિનભાઈ વાઢેર તથા નનુકાકા તળાવિયા, અમરેલી કડીયા સમાજ સેવા સંઘ ટીમ તથા વિસ્તારના રહીશો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## અવસાન નોંધ

**અમરેલી :** ગોંડલ નિવાસી હેમશંકરભાઈ ઈચ્છાશંકરભાઈ જોષીનાં દીકરા હરેશભાઈ જોષી (ઉ.વ. ૩૯) તા. ૨૨ શુક્રવારનાં રોજ કૈલાશવાશી થયેલ છે, સદ્ગતનું બેસણું તા. ૨૫ સોમવારના રોજ સાંજે ૪ થી ૬ સુધી વોરા કોટડા રોડ, શંકરવાડી, પાર્થ સ્કૂલ પાસે, ગોંડલ ખાતે રાખેલ છે

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૭૫ | ૧૩૬૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૪૩૫ |
| ૩ | તલ કાળા | ૨૬૩૦ | ૩૫૦૦ |
| ૪ | જુવાર | ૫૩૫ | ૧૦૫૪ |
| ૫ | ઘંઉ ટુકડા | ૪૦૪ | ૫૯૩ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૩ |
| ૭ | મગ | ૧૩૦૫ | ૨૨૫૦ |
| ૮ | અડદ | ૮૭૫ | ૨૦૫૦ |
| ૯ | ચણા | ૧૦૬૫ | ૧૨૪૦ |
| ૧૦ | ચોળી | ૧૮૦૦ | ૨૩૧૦ |
| ૧૧ | કપાસ | ૯૯૦ | ૧૫૮૧ |
| ૧૨ | એરંડા | ૧૧૦૧ | ૧૧૭૦ |
| ૧૩ | મગ ગુવાર | ૧૦૪૪ | ૧૦૪૪ |
| ૧૪ | ધાણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૧૫ | અજમા | ૧૮૦૦ | ૩૧૦૦ |
| ૧૬ | મેથી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૭ | સોયાબીન | ૮૩૦ | ૯૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૧૬૦૧ |
| ૪ | તલ કાળા | ૨૬૦૧ | ૩૨૫૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૩૩૫૦ |
| ૬ | કપાસ નવો | ૧૦૫૦ | ૧૫૪૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૧૪૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૫૩૭ |
| ૧૦ | જુવાર | ૫૫૧ | ૩૫૦ |
| ૧૧ | મકાઈ | ૫૫૦ | ૧૦૪૦ |
| ૧૨ | મગ | ૧૬૨૫ | ૧૭૬૧ |
| ૧૩ | અડદ | ૧૬૫૦ | ૧૯૦૩ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૧૫ | મેથી | – | ૧૬૧૦ |
| ૧૬ | ચોળી | ૧૬૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૨૦૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૪૦ | ૯૪૦ |
| ૨ | તલ સફેદ | ૩૩૫૦ | ૩૩૫૦ |
| ૩ | તલ પીળા | ૩૨૧૦ | ૩૨૧૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| ૫ | બાજરો | ૩૭૮ | ૪૫૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૧ |
| ૭ | જુવાર | ૫૯૧ | ૧૧૧૬ |
| ૮ | મકાઈ | ૫૬૧ | ૫૬૧ |
| ૯ | અડદ | ૧૭૦૨ | ૧૯૦૦ |
| ૧૦ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૧ | ૧૨૦૧ |
| ૧૨ | એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૩ | સોયાબીન | ૯૦૧ | ૯૧૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૫૭ |
| ૨ | ચણા | ૭૫૦ | ૧૨૦૨ |
| ૩ | અડદ | ૧૬૫૦ | ૧૭૮૦ |
| ૪ | સોયાબીન | ૬૭૦ | ૮૯૩ |
| ૫ | તુવેર | ૧૦૮૫ | ૧૯૩૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૬૦ | ૫૩૨ |
| ૭ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૨૪૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૬ | ૫૨૬ |
| ૧૦ | ધાણા | ૯૮૦ | ૧૧૩૫ |
| ૧૧ | તલ સફેદ | ૨૯૧૦ | ૩૩૨૬ |
| ૧૨ | લસણ | ૧૨૧૦ | ૧૩૨૧ |
| ૧૩ | મગ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૭૨૦ | ૧૭૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૦ | ૧૫૯૦ |
| ૨ | મગ | ૧૭૧૦ | ૨૧૦૦ |
| ૩ | અડદ | ૧૭૭૫ | ૨૦૨૫ |
| ૪ | ઘઉં | ૪૫૨ | ૫૧૮ |
| ૫ | ચણા | ૮૯૧ | ૧૧૨૯ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૬૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૯૫૦ | ૧૨૧૫ |
| ૩ | ઘઉં | ૩૭૮ | ૫૨૫ |
| ૪ | તલ | ૩૦૮૦ | ૩૦૮૦ |
| ૫ | ધાણા | ૯૦૫ | ૧૧૦૫ |
| ૬ | સોયાબીન | ૮૬૦ | ૯૦૧ |
| ૭ | એરંડા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૮ | અડદ | ૧૭૩૦ | ૧૮૦૧ |

## જાહેર નોટિસ

**રાજુલાના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ–રાજુલાની કોર્ટમાં–મુ. રાજુલા.**

જન્મ/મરણ અરજી નંબર ૨૨૫/૨૦૨૩

અરજદાર :– જીવીબેન W/O નારણભાઈ સિથરભાઈ ગુજરીયા
સરનામું :– મુ. શિયાળબેટ, તા. જાફરાબાદ, જિ. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી – કમ – મંત્રીશ્રી, શિયાળબેટ
મું. શિયાળબેટ, તા. જાફરાબાદ, જિ. અમરેલી.

**–:: નોટિસ ::–**

આથી લાગતા ગળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી જીવીબેન W/O નારણભાઈ સિથરભાઈ ગુજરીયા** એ તેમના (૧) પુત્ર નામે **શ્રી ભરતભાઈ નારણભાઈ ગુજરીયાનો જન્મ તા. ૦૯/૧૦/૧૯૯૨, (૨) પુત્ર નામે શ્રી ચંદ્રેશભાઈ નારણભાઈ ગુજરીયા નો જન્મ તા. ૦૧/૦૫/૧૯૯૫, (૩) પુત્ર નામે શ્રી રૂપસંગભાઈ નારણભાઈ ગુજરીયાનો જન્મ તા. ૦૧/૦૧/૨૦૦૧, (૪) પુત્રી નામે શ્રી પારૂલબેન નારણભાઈ ગુજરીયા નો જન્મ તા. ૧૨/૦૧/૨૦૦૩ તથા (૫) પુત્ર નામે શ્રી ડાયાભાઈ નારણભાઈ ગુજરીયા નો જન્મ તા. ૧૦/૦૧/૨૦૦૫**ના રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સવજીભાઈ સોમાભાઈ રાઠોડ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રીસધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજ તારીખ ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :– રાજુલા
તારીખ :– ૨૯/૦૮/૨૦૨૩

સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## જાહેર નોટિસ

**રાજુલાના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ–રાજુલાની કોર્ટમાં–મુ. રાજુલા.**

જન્મ/મરણ અરજી નંબર ૧૯૫/૨૦૨૩

અરજદાર :– શ્રી ગોવિંદભાઈ હરસુરભાઈ મકવાણા
સરનામું :– મુ. વાવેરા, તા. રાજુલા, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી – કમ – મંત્રીશ્રી, વાવેરા
મું. વાવેરા, તા. રાજુલા, જિ. અમરેલી.

**–:: નોટિસ ::–**

આથી લાગતા ગળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના વાવેરા** ગામના **શ્રી ગોવિંદભાઈ હરસુરભાઈ મકવાણા** એ તેમના પુત્રી નામે **શ્રી સંગીતાબેન ગોવિંદભાઈ મકવાણા નો જન્મ તા. ૦૫/૦૨/૨૦૦૩** નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સવજીભાઈ એસ. રાઠોડ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :– રાજુલા
તારીખ :– ૨૯/૦૮/૨૦૨૩

સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## જાહેર નોટિસ

**રાજુલાના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ–રાજુલાની કોર્ટમાં–મુ. રાજુલા.**

જન્મ/મરણ અરજી નંબર ૨૨૭/૨૦૨૩

અરજદાર :– કડવાભાઈ સુમરાભાઈ ગુજરીયા
સરનામું :– મુ. ખેરા, તા. રાજુલા, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી – કમ – મંત્રીશ્રી, ખેરા
મું. ખેરા, તા. રાજુલા, જિ. અમરેલી.

**–:: નોટિસ ::–**

આથી લાગતા ગળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના ખેરા** ગામના **શ્રી કડવાભાઈ સુમરાભાઈ ગુજરીયા** એ તેમના માતા નામે **સ્વ.શ્રી સુમરાભાઈ જાદવભાઈ ગુજરીયાનું મરણ તા. ૧૦/૦૫/૨૦૧૧** નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સવજીભાઈ સોમાભાઈ રાઠોડ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :– રાજુલા
તારીખ :– ૨૯/૦૮/૨૦૨૩

સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## જાહેર નોટિસ

**રાજુલાના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ–રાજુલાની કોર્ટમાં–મુ. રાજુલા.**

જન્મ/મરણ અરજી નંબર ૨૨૬/૨૦૨૩

અરજદાર :– કડવાભાઈ સુમરાભાઈ ગુજરીયા
સરનામું :– મુ. ખેરા, તા. રાજુલા, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી – કમ – મંત્રીશ્રી, ખેરા
મું. ખેરા, તા. રાજુલા, જિ. અમરેલી.

**–:: નોટિસ ::–**

આથી લાગતા ગળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના ખેરા** ગામના **શ્રી કડવાભાઈ સુમરાભાઈ ગુજરીયા** એ તેમના માતા નામે **સ્વ.શ્રી જશોદાબેન સુમરાભાઈ ગુજરીયાનું મરણ તા. ૧૨/૧૧/૨૦૧૭** નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી સવજીભાઈ સોમાભાઈ રાઠોડ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :– રાજુલા
તારીખ :– ૨૯/૦૮/૨૦૨૩

સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

# બગસરા : મેઘાણી હાઈસ્કૂલ ખાતે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા ગણિત/વિજ્ઞાન પ્રદર્શન યોજાયું






તસ્વીર : સમીર વિરાણી-બગસરા

અમરેલીના બગસરા મેઘાણી હાઈસ્કુલ ખાતે જીલ્લા શિક્ષણ અધિકારીના માર્ગ દર્શન હેઠળ નાલંદા શાળા વિકાસ સંકુલનું બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૩ અંતર્ગત મેઘાણી હાઈસ્કુલ ખાતે ગણિત વિજ્ઞાન પ્રદર્શનનુ આયોજન ધો ૯ થી ૧૨ કરવામાં આવ્યું છે ૨૪ સ્કુલ શાળાઓ માથી ૬૧ જેટલી અલગ-અલગ કૃતિઓ ૧૨૨ જેટલી બાલ વૈજ્ઞાનિક વિદ્યાર્થી ઓને શિક્ષકોના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે ત્યારે આ બાળ વૈજ્ઞાનિક મેળાનું ધારાસભ્ય જે.વી.કાકડીયા અને નગરપાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા દ્વારા રીબીન કાપી ખુલ્લુ મૂકવામાં આવ્યુ છે.ત્યારે ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને સર્ટીફીકેટ અને પ્રમાણ શિલ્ડ આપી સન્માનિત કર્યા આ ગણિત વિજ્ઞાન મેળાનો હેતુ માત્ર વિધાર્થીઓમાં રહેલ ટેલેન્ટ શકિતને ઉજાગર કરી શકે. આ તકે નગરપાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા ઉપ. પ્રમુખ ભાવનાબેન સોનગરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર મનોજભાઈ મહિડા.એવી રીબડીયા રાજુભાઈ ગીડા ઈન્દુકુમાર ખીમસુરીયા ધીરૂભાઈ માયાણી પ્રિન્સિપાલ ભાવેશભાઈ જેઠવા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

## સાવરકુંડલાનાં શિક્ષણવિદ્ અને પત્રકારે એક ઉગતા લોક ગાયકને પ્રોત્સાહન આપ્યું



સાવરકુંડલા, તા.૨૨, છેલ્લાં ઘણાં સમયથી મહુવા તાલુકાનાં નેસવડ ગામમાં વસતા ગાયક ભાવિક ભેડાનાં મનમાં એક ઈચ્છા હતી કે, પોતાનું લેટેસ્ટ એડીશનનું સ્કેલ હાર્મોનિયમ હોય.પણ આ મોંઘવારીમાં ઘરનું માંડ પૂરૂં થાય ત્યાં ૩૫૦૦૦ થી ૪૦૦૦૦ નું હાર્મોનિયમની વાત પણ ઘરમાં ન કરાય..!! છેલ્લા કેટલાક સમયથી પોતાનાં વિદ્યા ગુરૂ બાપૂ સર પાસે પોતાની આ ઈચ્છા બાબતે રજૂઆત કરવાનું વિચાર્યા કરતો પણ હિંમત ચાલતી નહી. પછી બે ત્રણ દિવસ પહેલા ખૂબ હિંમત કરી બાપૂ સર ખુમાણ ની પાસે હાર્મોનિયમ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે ભાવિક પાસે પૂરેપૂરી વિગતો જાણી. પોરબંદર બાપુ હાર્મોનિયમ સ્ટોરમાંથી તેની પોતાની પસંદગીનું હાર્મોનિયમ પ્રતાપભાઈ ખુમાણે ડાયરેકટ તમામ પેમેન્ટ ચૂકવી આપીને ખરીદી આપ્યુ. ભાવિક કહે છે કે,'મને વાત થયાનાં ત્રણ દિવસમાં મારૂં સ્વપ્ન પૂર્ણ કરી દીધું. અત્યારે નવું સ્કેલ હાર્મોનિયમ ખુબ મોંઘુ આવે છે.અને મારી ખરીદવાની સ્થિતિ નોતી પરંતુ બાપુ એ મને ખૂબ ગમતું હાર્મોનિયમ અપાવ્યું અને મારૂં આ સપનું પૂરૂં કર્યું.બાપુ એ માત્ર આ હાર્મોનિયમ જ નહિં પરંતુ મારા એવા ઘણા બધા સપના પુરા કર્યા છે.બાપુનાં આ બધા ઉપકાર હુ કયારેય નય ભૂલું. બાપુ તમારો દિલથી આભાર.આજ મને આનંદ થયો કારણ કે મારૂં નવું હાર્મોનિયમ લેવાનું સપનું પૂરૂં થયું. જે સપનાને પૂર્ણ કરાવનાર મારા વિદ્યા ગુરૂ પ્રતાપબાપુ ખુમાણ (બાપુસર) છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સ્વયં શિક્ષણ દિન ઉજવાયો



અમરેલી, તા.૨૨

૫, સપ્ટેમ્બર ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિને આપણે ત્યાં શિક્ષણ દિન તરીકે ઉજવાય છે. સમાજમાં શિક્ષકોનું સાંત્વિક અને નિષ્ઠાવાન પ્રદાન છે. તેમજં વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શકિતઓનાં અભિવાદન માટે અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૧૯ સપ્ટેમ્બરનાં દિવસે સ્વયં શિક્ષણ દિનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં ધો.૧ થી ૧૨ નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લઈ શિક્ષક બની આજનાં દિવસનું શૈ.કાર્યનું સુંદર સંચાલન કર્યુ હતું. માધ્યમિક વિભાગમાં દેત્રુજા રવિ (ધોરણ-૧૨) અને પ્રાથમિક વિભાગનાં આચાર્ય કોઠીયા પલ (ધોરણ – ૮ ) આચાર્ય બની સુંદર કામગીરી કરી હતી.

કાર્યક્રમનાં સમાપ્ન પ્રસંગે સંસ્થાનાં સંચાલક દંપતી દીપકભાઈ વઘાસિયા એન વિલાસબેન વઘાસિયાએ ાહાજરી આપી પ્રેરક પ્રવચનો કર્યા હતા. સૌને અભિનંદન આપ્યા હતા. શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## ગાધકડા ગામે ધારાસભ્યનાં હસ્તે કળશ યાત્રાનું પ્રસ્થાન



સાવરકુંડલા. તા.૨૨, સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે પરા વિસ્તાર પ્રાથમિક શાળામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ તાલુકા ભાજપ સદસ્યઓ તેમજ જિલ્લા પંચાયતના અગ્રણીઓ તેમજ તાલુકા ભાજપ મહામંત્રી તેમજ તાલુકા પંચાયતના સદસ્યઓ તેમજ ભામાશા તરીકે જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ કયાડા તેમજ આવેલા તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા દ્વારા કરવામાં આવેલ તેમજ આવેલ તમામ મહેમાનો પુસ્તક અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ ત્યારબાદ ધારાસભ્ય દ્વારા કળશ યાત્રાનું મહત્વ સમજાવ્યું ત્યારબાદ કળશ યાત્રા પ્રસ્થાન કરાવી ધારાસભ્ય દ્વારા આવેલ તમામ આગેવાનો તેમજ ગ્રામજનો પ્રતિજ્ઞા લેવડાવી. ધારાસભ્ય પોતે ટ્રેકટર ચલાવી સમાજને નવો રાહ બતાવ્યો હતો એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશપત્ર મોકલી શકાશે

અમરેલી તા. ૨૨,

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરનાં સંયુત ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, અમરેલી સંચાલિત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન આગામી સમયમાં થનાર છે. રાસ, પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા વિભાગની સ્પર્ધા યોજાશે. ત્રણેય વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા બનનાર વૃંદો રાજયકક્ષાએ અમરેલીનું પ્રતિનિધિત્વ કરશે. રાસ-ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે સંસ્થા/મંડળો કચેરીનાં બ્લોગ એડ્રેસ પરથી અથવા કચેરી પરથી પ્રવેશપત્ર મેળવી શકશે. પ્રાચીન અને અર્વાચીન ગરબા માટે ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા રહેશે. જયારે રાસ સ્પર્ધામાં ૧૪ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા કલાકારો ભાગ લઈ શકશે. સંસ્થા/મંડળોએ પોતાનું પ્રવેશપત્ર તૈયાર કરી ઉંમરના આધાર પુરાવા (આધારકાર્ડ, જન્મ તારીખ દાખલો) સાથે પોતાનું નામ, સરનામુ, મોબાઈલ નંબર વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે. પ્રવેશપત્ર તા. ૩૦/૦૯/૨૦૨૩ બપોરના ૧૨ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, બહુમાળી ભવન, બ્લોક-સી, રૂમ નંબર-૧૧૦, ૧૧૧ પ્રથમ માળે અમરેલીને મળે તેમ મોકલવાની રહેશે. વધુ વિગતો માટે નં. ૦૨૭૯૨- ૨૨૩૬૩૦ પર સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અનુબંધમ વેબ પોર્ટલનાં માધ્યમથી જિલ્લા રોજગાર કચેરી દ્વારા ૨૬ સપ્ટેમ્બરે ભરતી મેળો

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત રીતે અનુબંધમ વેબ પોર્ટલનાં માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ખાનગી ક્ષેત્રનાં અગ્રગણ્ય એકમો ખાતે ખાલી જગ્યા તેમજ ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા, ધોરણ ૧૦ થી સ્નાતક અને આઈ.ટી.આઈની તકનીકી લાયકાત ધરાવનારની આવશ્યકતા છે. ઈચ્છુક ઉમેદવારોએ આગામી તા.૨૭ સપ્ટેમ્બર ૨૩ ને બુધવારનાં રોજ સવારે ૧૧ વાગ્યે આઈ.ટી.આઈ.-લાઠી ખાતે ઉપસ્થિત થવાનું રહેશે. ઉપરાંત અનુબંધમ પોર્ટલ http:anubandhan.gujarat.gov.in/account/signup પર આધારકાર્ડ, શૈક્ષણિક લાયકાતનાં દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, સી-બ્લોક, પહેલા માળે, અમરેલીનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### પોલીસકર્મી તોડકાંડ કેસ

## રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર લગાવાશે QR કોડ

### પોલીસ દ્વારા થતી હેરાનગતિ કે પરેશાનીનાં સંજોગોમાં QR કોડ સ્કેન કરી સીધી ફરિયાદ નોંધાવી શકાશે

અમદાવાદ, તા.૨૨

થોડા સમય પહેલા અમદાવાદનાં એક દંપતી પાસેથી ૨ ટ્રાફિક પોલીસ તેમજ એક ટીઆરબી જવાન કરેલ તોડકાંડ મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે બાદ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકારે કોર્ટમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર ઊઇ કોડ લગાવાશે. જેથી પોલીસ દ્વારા થતી હેરાનગતિ કે પરેશાનીનાં સંજોગોમાં ઊઇ કોડ સ્કેન કરી સીધી ફરિયાદ નોંધાવી શકાશે.

સરકારે કહ્યું છે કે, ફરજ પરના પોલીસકર્મીઓ યુનિફોર્મ અને નેમ પ્લેટ વગર ફરી શકશે નહીં, રાત્રે મહિલાઓની સુરક્ષા માટે મહિલા પોલીસકર્મીઓ તૈનાત કરાશે. અમદાવાદ પોલીસ કમિશનરે તમામ પોલીસ સ્ટેશન અને કમિશનરની હકુમતમાં આવતા વિસ્તારો માટે માર્ગદર્શિકા જાહેર કરી હોવાની સરકારે હાઈકોર્ટમાં રજૂઆત કરી છે. જેના પર હાઈકોર્ટે અમદાવાદમાં જ નહીં પરંતુ રાજ્યભરમાં આ માર્ગદર્શિકા જાહેર કરવાની ટકોર કરી છે.

આ મામલે હાઈકોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, કાયદાના રક્ષક જ ભક્ષક બને તે વ્યાજબી નથી. જાહેર પરિવહનના વાહનમાં હેલ્પલાઈન નંબર ડિસ્પ્લે થવા જોઈએ. હેલ્પલાઈન નંબર મુસાફરોને યોગ્ય રીતે દેખાવવા જોઈએ.

નાગરિકોના અધિકારોનુંહનન થતા સરકારે વળતર ચૂકવવું જોઈએ. અમદાવાદમાં પોલીસ તોડકાંડમાં હાઈકોર્ટે કડક આદેશ આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, પોલીસ કોસ્ટેબલ કે કર્મચારીએ ફરજ દરમિયાન વર્દી પહેરવી ફરજિયાત છે. પોલીસ કર્મચારી વર્દી સાથે જ ફરજ સ્થળે હોવા જોઈએ. આ સાથે જ પોલીસ કર્મીએ વર્દી સાથે નેમ પ્લેટ પણ રાખવી ફરજિયાત છે. મહત્વનું છે કે, અરપોર્ટથી આવી રહેલા દંપતી પાસેથી વર્દી વગરના ત્રણ પોલીસકર્મીઓએ ૬૦ હજારનો તોડ કર્યો હતો. અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં રહેતા મિલનભાઈ કેલા અને તેમના પત્ની ૨૬ ઓગસ્ટનાં રાત્રીનાં સુમારે ઉબેર કારમાં એરપોર્ટથી ઘરે આવવા નીકળ્યા હતા.

આ દરમિયાન ઓગણજ સર્કલ નજીક ટ્રાફિક પોલીસે તેમની ટેક્સીને રોકી હતી. જે બાદ ટ્રાફિક પોલીસે ઉબેર કારમાં બેઠેલા મિલનભાઈ કેલા અને તેમના પત્ની પાસેથી પૈસાની માંગણી કરી હતી. ઓગણજ સર્કલ નજીક એરપોર્ટથી આવતી ટેક્સીને રોકી ટ્રાફિક પોલીસકર્મીએ કારમાં બેસેલા પેસેન્જર પાસેથી ૨ લાખની માંગણી કરી હતી અને તેમને ધમકી આપી હતી.જે બાદ તેઓએ મિલનભાઈ પાસેથી ૪૦ હજાર રોકડા પડાવ્યા હતા. જ્યારે ફરિયાદીના પત્નીના ફોનમાંથી ઉબેરના ડ્રાઈવરના ફોનમાં ૨૦ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા.

### ખેડા-મહીસાગરના ગામો માટે સારા સમાચાર

## ભૂપેન્દ્ર પટેલ સરકારનો નિર્ણય, ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી, પ્લાન તૈયાર

### ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઇ યોજના દ્વારા પાઇપલાઇનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇના પાણીની સુવિધા મળશે

ખેડા, તા.૨૨

ખેડા અને મહીસાગર જિલ્લાના ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા પૂરી પાડવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ ઉદવહન સિંચાઈ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હોવાનું જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે.

સિંચાઈ યોજના દ્વારા ૬૧ ગામનાં તળાવને પાઈપલાઈનથી જોડાશે ખેડા અને મહીસાગર જિલ્લાના ખેડૂતોને સિંચાઈના પાણી માટે વિશેષ સુવિધા પુરી પાડવાનાં ઉદ્દેશ સાથે લેવામાં આવેલા આ નિર્ણયની વિસ્તૃત વિગતો આપતા જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકાના ૩૫ ગામોના ૮૩ તળાવો તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ૨૬ ગામોના ૩૭ તળાવો એમ કુલ ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડવામાં આવશે. જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,ખેડા જિલ્લાનાં કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકા તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાનો એક મોટો હિસ્સો નર્મદા મુખ્ય નહેર અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરની વચ્ચે આવેલો છે. જેની પૂર્વ દિશાએ મહી નદી આવેલી છે. આ ચાર તાલુકાના મોટા ભાગના ગામોને કોઈપણ સ્ત્રોતમાંથી સિંચાઈના પાણીનો લાભ મળતો નથી. સિંચાઈથી વંચિત આ વિસ્તારના લોકો તેમની આજીવિકા માટે મુખ્યત્વે ખેતી પર આધાર રાખે છે. આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણીનો લાભ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામા આવ્યો છે. સરકાર દ્વારા ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી આ યોજનામાં મહી નદીમાંથી મહીસાગર જિલ્લાના નમનાર ગામમાં ટોડિયા રૉક નજીકથી ૫૩.૮૭ એમ.સી.એમ. જેટલા પાણીના જથ્થાનો વપરાશ માટે ૨૦૦ ક્યુસેક ક્ષમતાની રાઈઝીંગ મેઈન, પંપીગ સ્ટેશન અને ઈન્ટેક વેલ બનાવવાનું આયોજન છે. આ યોજનામાં એક પમ્પીંગ સ્ટેશન અને બે ડિસ્ટ્રીબ્યુશન ટેક્નું બાંધકામ કરવામાં આવનાર છે. જેમાં પ્રથમ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ (કેપેસિટી- ૪૦ લાખ લિટર) રૈયોલી ગામ, બાલાસિનોર પાસે તથા બીજી ડિસ્ટ્રીબ્યુશન ટેક્ (કેપેસિટી- ૬૦ લાખ લિટર) મુનજીના મુવાડા, બાલાસિનોર પાસે બનાવવાનું આયોજન હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ છે.

## જાફરાબાદ સાગર શાળામા RBSK ટીમ દ્વારા હૃદયરોગ વિશે માહીતી અપાઈ



જાફરાબાદ, તા.૨૨, જાફરાબાદ તાલુકાના અર્બન શહેરી કેન્દ્ર દ્વારા સાગર શાળા માં હદય રોગ વિશે માહિતી અંગે આપવાનું કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. જેમાં ડો શકીલ ભટ્ટી, એફએચડબલ્યુ હેમાલીબેન ગોસ્વામી તેમજ ટીમ દ્વારા જાફરાબાદની સાગર શાળાના વિદ્યાર્થીઓ તેમજ બાળકોને હદય રોગની માહીતી અને સાવચેત રહેવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### નારી શક્તિ વંદન બિલને સંસદના બંને ગૃહની મંજૂરી

## સરકારનો જાતિ ગણતરી પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ : રાહુલ

નવી દિલ્હી, તા.૨૨

નારી શક્તિ વંદન બિલ કે જે ૨૭ વર્ષથી લટકી રહ્યું હતું જેને હાલ બંને ગૃહમાંથી લીલી ઝંડી મળી ગઈ છે. આ દરમિયાન આજે રાહુલ ગાંધી દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી જેમાં તેમણે મહિલા અનામત બિલ પર વાત કરી હતી. રાહુલ ગાંધીએ બિલમાં બે ખામી રહેલી છે તેવો ઉલેખ્ખ કર્યો હતો. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે સરકાર જાતિ ગણતરી પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે.રાહુલ ગાંધીએ મહિલા અનામત બિલમાં બે ખામીઓ નીકળી હતી. પહેલા વસ્તી ગણતરી અને સીમાંકન કરવાની જરૂર છે. આ બંને કામમાં ઘણા વર્ષો લાગશે. જો સરકાર ઈચ્છે તો મહિલા અનામતને હાલમાં જ લાગુ કરવી શકે તેમ છે. વધુમાં રાહુલ ગાંધીએ સરકારને સવાલ કર્યા હતા કે આનો અમલ થશે કે નહીં તે કોઈને ખબર નથી. આ ધ્યાન ભટકવા માટેની રાજનીતિ છે. રાહુલ ગાંધીએ મહિલા અનામત બિલમાં ઓબીસીઅનામત લાગુ કરવાની માંગ કરી હતી. તેમણે સવાલ કર્યો કે, જે સંસ્થાઓ દેશ ચલાવે છે જેમ કે સંસદમાં કેબિનેટ સેક્રેટરી અને સેક્રેટરીઓ તેમાં ૯૦માંથી માત્ર ત્રણ અધિકારીઓ જ ઓબીસીકેટેગરીના કેમ છે? પીએમ મોદી રોજ ઓબીસીની વાત કરે છે પરંતુ તેમણે ઓબીસી કેટેગરી માટે શું કર્યું?

## પાલિકાનાં મોટાભાગનાં નગરસેવકોની સુચક ગેરહાજરીથી આશ્ચર્ય

# બાબરા પાલિકાનાં ભૂમિપૂજન કાર્યક્રમમાં ભાજપનાં જુથવાદે દેખા દીધી

શહેર કે તાલુકાનાં મહત્વનાં આગેવાનોને પણ આમંત્રણ ન અપાતા આગામી દિવસોમાં અસંતોષની ચિનગારી આગનું સ્વરૂપ પકડશે તેવો માહોલ

ધારાસભાની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારને વિજેતા બનાવવામાં જેનો સિંહફાળો છે તેમની પણ અવગણના શરૂ થઈ

ભાજપમાં ચાલતી આંતરિક જુથબંધીને ડામવામાં ન આવે તો લોકસભાની ચૂંટણીમાં પક્ષને નુકસાન કરે તેવું લાગે છે

હુ, તુ અને રતનીયો ભેગા મળીને મહત્વનાં નિર્ણય કરતાં હોય અનેક નિષ્ઠાવાન આગેવાનો નારાજ બન્યા





અમરેલી, તા. ૨૨

બાબરા ખાતે યોજાયેલ પાલિકાનાં નવનિર્મિત બિલ્ડીંગનાં ભૂમિપૂજન કાર્યક્રમમાં પાલિકાનાં અનેક નગર સેવકો અને મહત્વનાં પદાધિકારીઓ અને આગેવાનોની ગેરહાજરી જોવા મળતાં સ્થાનિક કક્ષાએ ભાજપમાં ચાલતી જુથબંધી હવે ક્રમશઃ સપાટી પર આવી રહી છે.

બાબરા પંથકમાં વિધાનસભાની ચૂંટણી બાદ ભાજપમાં જુથબંધી શરૂ થઈ છે અને એક-બીજા આગેવાનને ઉતારી પાડવા, અવગણના કરવી કે જાહેર કાર્યક્રમોમાં આમંત્રણ ન આપવું કે વિકાસનાં કાર્યોમાં મહત્વનાં આગેવાનોને વિશ્વાસમાં ન લેવા સહિતની સમસ્યા ક્રમશઃ આગળ વધી રહી છે.

દરમિયાનમાં આજે બાબરા ખાતે પાલિકાનાં મકાનનો ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અનેક નગરસેવકો ગેરહાજર રહ્યા તો શહેર અને તાલુકાનાં મહત્વનાં અનેક આગેવાનોને પણ જાણ ન કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યુ છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારનો ભવ્ય વિજય થયા બાદ પાયાનાં પથ્થર સમા કાર્યકરો અને આગેવાનોની હવે કયાં જરૂર છે તેમ માનીને અવગણના શરૂ થઈ હોય આગામી વર્ષે યોજાનારી ચૂંટણી પહેલા જિલ્લા અને રાજયકક્ષાનાં આગેવાનો બાબરા પંથકમાં શરૂ થયેલ જુથબંધીને ડામશે નહી તો લોકસભાની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારની મુશ્કેલી વધશે તેવું નિષ્ઠાવાન આગેવાનો જણાવી રહ્યાં છે.

## પોલીસ અધિક્ષકની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપે આરોપીને દબોચી લીધો

# લ્યો બોલો : "મીસો" ઓનલાઈન એપ્લિકેશન મારફતે જુદી-જુદી કંપનીનાં મોબાઈલની જાહેરાત આપી ઓર્ડર મેળવી સાબુ મોકલાતો હતો

## અમરેલીનાં બાયપાસે અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતું કૌભાંડ ઝડપાયું



અમરેલી, તા. ૨૨

અમરેલીમાં મીસો એપ્લીકેશન મારફતે જુદી જુદી કંપનીના મોબાઈલ ફોનની જાહેરાત આપી ઓર્ડર મેળવી બોક્સમાં સાબુ રાખી પેકીંગ કરી ડીલેવરી કરતા ઈસમને ડીલેવરી માટે તૈયાર કરેલ ૨૫૦ થી વધુ ફોનના બોક્સ સાથે ઝડપી લઈ ઓનલાઈન ફ્રોડનો પર્દાફાશ અમરેલી એસ.ઓ.જી. ટીમે કરેલ છે.

જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરીની રાહબરી હેઠળ પોલીસ સબ ઈન્સપેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ તા. ૨૧નાં રોજ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હતા તે દરમિયાન ખાનગી બાતમી રાહે હકિકત મળેલ કે અમરેલી બાયપાસ પાસે આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે રૂમ નં.-૩૦૭ માં રહેતા મિતીનભાઈને ઓનલાઈન મીસો એપ્લીકેશન ચલાવી જેમાં રૂા. ૯૯૯ માં અલગ-અલગ કંપનીનાં મોબાઈલ ફોન ઓનલાઈન વેંચાણ માટે જાહેરાત કરી લે-વેંચ કરે તે પહેલા જ મોબાઈલની જગ્યાએ સાબુ બોક્સમાં નાખી ડીલેવરી આપતા હોવાની હકિકત મળતા આરોપીને અમરેલી બાયપાસ પાસે આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે રૂમ નં.-૩૦૭ માંથી એક સ્ટીકરવાળા પુઠાના બોકસ પેકીંગ કુલ નંગ-૨૩૬ તથા સ્ટીકર વગરના બોકસ નંગ-૧૫ કિંમત રૂા. ૫૦૨૦, પાયલ કપડા ધોવાના સાબુ નંગ-૧૩૮ જેની કિંમત રૂા. ૧૩૮૦, પેકીંગ બેગ પેકટ-૧૪ કિંમત રૂા. ૧૪૦૦, ટેપ રોલ નંગ-૪ કિંમત રૂા. ૧૨૦, સ્કેલ નંગ-૧ કિંમત રૂા. ૩૦, કાતર નંગ-૧ કિંમત રૂા.૧૦૦, બબલ રોલ નંગ-૧ કિંમત રૂા. ૫૦૦, એક કાળા કલરનો મોબાઈલ ફોન નંગ-૧ કિંમત રૂા. ૫૦૦૦ મળી કુલ કિંમત રૂા.૧૩૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આગળની ઘટતી કાર્યવાહી અર્થે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

ઝડપાયેલ આરોપીની પુછપરછ દરમિયાન ચોંકાવનારી હકિકત સામે આવેલ છે. મજકુર આરોપી મીસો એપ્લીકેશનમાં એકાઉન્ટ બનાવી તેમાંથી મીસો એપ્લીકેશન મારફતે ઓનલાઈન ઓર્ડર રીસીવ કરી ગુજરાત ઉપરાંત રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ વિગેરે રાજયોમાં પાર્સલ પેકિંગ કરી પાર્સલમાં કપડા ધોવાનો સાબુ પેક કરી કુરીયર સર્વિસ દ્વારા સબંધિત ઓનલાઈન શોપીંગ કરનાર વ્યકતિને મોકલી આપતો હતો.

# સાવરકુંડલામાં લાગેલ હોર્ડિંગ્સનો વિવાદ



સાવરકુંડલા શહેરમાં આવેલ રેલ્વે સ્ટેશનનાં પ્રવેશદ્વાર પાસે શહરેનાં જાહેર રોડની ફૂટપાથ પર સાવરકુંડલા રેલ્વે સ્ટેશનનો પુનઃ વિકાસની વિગત સાથેનું હોર્ડિંગ્સ લાગેલું જોવા મળે છે. તો શહેરની જનતા પણ એ જાણવા માંગે છે કે આ હોર્ડિંગ્સ લગાવવા માટે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા કોઈ મંજૂરી આપવામાં આવી છે કે કેમ ? તે અંગે સાવરકુંડલાનાં જાગૃત નાગરિક હર્ષદભાઈ જોષી દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસરને ઉદ્દેશીને લેખીત રજૂઆત કરી છે. આમ ગણીએ તો ફૂટપાથ ગણીએ તો ફૂટપાથનો સીધો અને તાત્વિક તાત્વિક અર્થ તો લોકોને ચાલવા માટેની જગ્યા એવો થાય છે.

## વિધાનસભાનાં કોંગી નેતા અમિત ચાવડાએ ન્યાયીક તપાસની કરી માંગ

# પ્રધાનમંત્રીનાં જન્મદિનની ઉજવણી અંતર્ગત નર્મદા ડેમમાં પાણીનો સંગ્રહ થયો અને બાદમાં પાણી છોડાતા પરેશાની

## નર્મદાનાં પુરથી અનેક ગામોનાં હજારો નાગરિકોની હાલત દયનીય બની

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષનાં નેતા અમિત ચાવડાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરનાં મધ્યપ્રદેશ સહિતનાં વિસ્તારોમાં થયેલા વરસાદનાં કારણે મધ્યપ્રદેશનાં નર્મદા નદી પર આવેલ ઈન્દિરા સાગર, ઓમકારેશ્વર, મહેશ્વર સહિતનાં ડેમોનું પાણી છોડવામાં આવ્યું હતું. સરદાર સરોવર નર્મદા ડેમ સુધી પહોંચતા અંદાજે ૨૦ કલાક કરતાં વધુ સમય લાગે છે. ઉપરવાસમાં પડતા વરસાદ અને



સરદાર સરોવર નર્મદા ડેમની ઉપર નર્મદા નદી પરના ડેમોમાંથી છોડવામાં આવતા પાણી અંગે વહીવટી તંત્રને માહિતી હોય છે અને તે માહિતી રાખવાની પણ હોય છે તે મુજબ ઉપરવાસમાં પડેલ વરસાદ અને ઉપરવાસના ડેમોમાંથી છોડવામાં આવેલ પાણી અંગે વહીવટી તંત્ર જાણતું જ હતું. આવી પરિસ્થિતિમાં નિયમોનુસાર આવકના અંદાજ મુજબ પાણી છોડવાનું હોય છે. જેથી ડેમના નીચાણવાળા ભાગમાં નદીકાંઠા વિસ્તારોમાં નુકસાન ન થાય તેમ છતાં પાણી છોડવાના બદલે સંગ્રહ કરવામાં આવ્યો અને તા. ૧૭ સપ્ટેમ્બરનાં દિવસે સરદાર સરોવર નર્મદા ડેમના નીચાણવાળા વિસ્તારોમાં વહીવટી તંત્ર

અનુસંધાન પાના ૬ ઉપર

કિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

## સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ

# પિપાવાવધામ ખાતે સ્વામીનારાયણ સંપ્રદાયનાં તિલકને દૂર કરાયા

## જો કે મંદિરનાં મહંતે જરૂરી ખુલાશો પણ કર્યો

અમરેલી, તા. ૨૨

થોડા દિવસ પહેલા સાળીંગપુર હનુમાનજી મંદિરમાં ઉભા થયેલ વિવાદ હજુ પણ શાંત થવાનું નામ ન લેતો હોય. ત્યારે તેમનાં પડઘા રાજુલા સુધી પડયા છે. જયાં પિપાવાવધામ ખાતે આવેલ રણછોડરાયજી મંદિરનાં મહંત બટુક મહારાજ ધ્વારા આ મંદિરમાં વર્ષો પહેલા લોખંડની ગ્રીલમાં સ્વામીનારાયણ સંપ્રદાયનાં તિલકને હથોડા મારી લોખંડની ગ્રીલમાંથી દૂર કરવામાં આવ્યા છે. આ બનાવ અંગેનો વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો છે જેમાં મહંત ધ્વારા તિલક દૂર કરતાં દેખાય છે.



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
અભિમાન કહે છે કે કોઈની જરૂર નથી,
અનુભવ કહે છે કે ધૂળની પણ જરૂર પડે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે
હોસ્પિટલ મેનેજર | હોસ્પિટલ એડમીન
લાયકાત : ગ્રેજ્યુએટ (ફકત પુરૂષ ઉમેદવારો)
RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો.
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સાંજે : ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯, ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)